કર્મયોગ

અમૃત મહોત્સવ

પરમ શક્તિ મંત્ર

ૐ મા ૐ

ૐ મા ૐ



ૐ મા ૐ

રાજ્યોગી નરેન્દ્રજી

# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત ૐ ।।

(વર્ષ ૨૫) ઓકટોબર - ૨૦૦૬ (અંક ૨)

|| ૐ મા ૐ || || જય ગાયત્રી મા || || ૐ મા ૐ ||

વર્ષ : ૨૫
અંક : ૨

# આધ્યાત્મિક કેડી

ઓક્ટોબર
૨૦૦૬

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦૦૧૫.



## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | સાક્ષાતકાર | ૧ |
| ૨. | અમૃત મહોત્સવ - મુલાકાત પૂજ્યશ્રી સાથે... | ૨ |
| ૩. | અમૃત મહોત્સવની રસલ્હાણ | ૬ |
| ૪. | હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો | ૮ |
| ૫. | આશીર્વાદ - કલા રસિકોને... | ૧૨ |
| ૬. | માનવતા દિન - જીવન એક સાધના છે... | ૧૩ |
| ૭. | સેવાદિન - સેવાને કર્મયોગ બનાવીએ... | ૧૬ |
| ૮. | જન્માષ્ટમી - સામાજિક સ્વાસ્થ્ય સુધારીએ... | ૧૭ |
| ૯. | ગુરુ પૂર્ણિમા - કર્મયોગી બનીએ... | ૨૧ |
| ૧૦. | રામનવમી - જીવનને રામમય બનાવીએ... | ૨૭ |
| ૧૧. | *75 REASONS WHY WE LOVE GURUJI* | ૩૦ |
| ૧૨. | સમાચાર | ટાઈટલ-૩ |
| ૧૩. | વિદેશનો કાર્યયજ્ઞ | ટાઈટલ-૪ |


|| ૐ મા ૐ ||

વાર્ષિક લવાજમ
રૂપિયા વીસ (૨૦/-)

પ્રકાશક
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
'નિલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.

visit us at :
**www.rajyoginarendraji.com**



અર્ધ વાર્ષિક અંક એપ્રિલ અને ઓક્ટોબર

**આધ્યાત્મિક કેડી : ઓક્ટોબર - ૨૦૦૬** - R.N. 38405/82

મુદ્રક : ગાયત્રી ટ્રેડર્સ - રાધાવલ્લભજીના મંદિર પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૮. ફોન નં. : ૨૨૨૫ ૨૦૦૦

(૧) **સાક્ષાત્કાર**

## સત્કર્મ જ મહાન છે, મનુષ્ય નહિ

તા. ૩-૯-૦૬, રવિવારે બપોર પછી હું મારી રૂમમાં કંઈક વાંચતો હતો, તે સમયે ટેબલ પાસે પ્રકાશનો એક ઝબકારો થયો. ઘડિયાળ બે વાગીને પાંચ મિનિટ બતાવતી હતી. મેં તરત જ મારી બેગ અને વાંચન સામગ્રી બાજુ પર મૂકી દીધી. માતાજી ટેબલ પાસે જ સાકાર સ્વરૂપે પ્રગટ થયા.

મતાજી ટેબલ પાસેથી આવીને મારી પાસે પલંગમાં બેસી ગયાં. મેં ચરણવંદના કરી, ને માતાજી સાથે જ પલંગમાં બેસી ગયો. માતૃવાત્સલ્યની વર્ષાથી ભીંજવતા ભીંજવતા જ માતાજીએ કાર્યયજ્ઞ વિષે અને બીજી ઘણી બધી વાતો કરી. અમે એકબીજામાં ખોવાઈ ગયા હતા. માતાજીએ મારા વાંસામાં અને મસ્તક પર હસ્ત પસવારી બહુ જ વ્હાલ કર્યું.

વાતો વાતોમાં જ માતાજીએ મને કહ્યું કે, **'મનુષ્યનું સત્કર્મ જ મહાન છે, નહિ મનુષ્ય.** વળી એમ પણ જણાવ્યું કે, હવેથી હું વર્ષમાં ત્રણ વખત આવીશ.

માતાજી પલંગ પરથી ઉઠીને ટેબલ પાસે ગયા અને એક પછી એક એમ ચાર પ્રસાદી પધરાવી. પહેલા કાજુ, પછી દ્રાક્ષ, પછી બદામ અને છેલ્લે ડબીનું ઢાંકણ તેની જાતે જ ઊંચું થયું અને ડબ્બીમાં માતાજીએ કેસર પધરાવ્યું. આ બધી પ્રસાદી અગોચર રૂપે માતાજીના હાથમાં આવી જતી હતી અને માતાજી પધરાવ્યે જતાં હતાં. પ્રકાશનો એક ઝબકારો થયો અને માતાજી અંતર્ધ્યાન થઈ ગયા. થોડી શાતા વળતાં ઘડિયાળમાં જોયું તો બે વાગીને ચોત્રીસ મિનિટ થઈ હતી. માતાજી ઓગણત્રીસ મિનિટ મારી સાથે રોકાયા હતા.

કેવડાની સુવાસથી સમગ્ર વાતાવરણ મઘમઘતું હતું. રૂમમાં, રૂમની બહાર, આખા ઘરમાં, કુટિરમાં અને દરવાજા સુધી કેવડાની સુવાસ પ્રસરી રહી હતી.

### ચેતનવંતી ઉપાસના

આપણી સ્મૃતિ, સૃષ્ટિ અને દ્રષ્ટિમાં આપણા ઈષ્ટ ઉપાસ્ય દેવની મુરત સદાય રમતી રહેવી જોઈએ. તે માટેનો આપણો સાત્વિક પુરુષાર્થ ચાલુ જ રાખવો જોઈએ. સઘન બનાવવો જોઈએ.

(૨) **અમૃત મહોત્સવ**

## મુલાકાત : ...પૂજ્યશ્રી સાથે.....

(પૂજ્ય ગુરુદેવના અમૃત મહોત્સવ પ્રસંગે એક ભક્ત દ્વારા પૂજ્યશ્રી સાથે મુલાકાતનો અહેવાલ)

આપ જીવનના ૭૫માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છો ત્યારે આપના ભક્તો દ્વારા આ મહોત્સવની ઉજવણી, અનેક પ્રકારે થઈ રહી છે. ભક્તોમાં વ્યાપ્ત સુષુપ્ત શક્તિઓને આપના સાનિધ્યમાં પ્રદર્શિત કરવાની સુંદર તક, ભક્તોને પ્રાપ્ત થઈ છે જે અતિ આનંદની વાત છે.

આપ સંમતિ આપો તો આપના આધ્યાત્મિક જીવન વિશે કેટલાક પ્રશ્નો પૂછવા છે.
પૂજ્યશ્રી ભલે પૂછો.

પ્રશ્ન : આપના સંત જીવનના ખૂબ આનંદદાયક હોય તેવા પ્રસંગો.. સમાજ ઉત્થાન અને વ્યક્તિગત માર્ગદર્શનના, કહેવા કૃપા કરશો.

પૂજ્યશ્રી : હું તો માતાજી કહે તેમ કરું છું અને દરેક ભક્તને કોઈપણ રીતે ફાયદો થાય તેમાં મને આનંદ જ છે. પહેલા આપણે સમગ્ર સમાજ, વિસ્તાર કે લોકોના મોટા સમૂહ ને માટે હું કાંઈક કરી શક્યો હોઉં તેની વાત કરું.... મારી પાસે કોઈના દ્વારા વિનંતી કે માંગણી ન થઈ હોય અને છતાંય માતાજીએ તેઓ માટે કાંઈક કરી શકવા માટે મને માધ્યમ બનાવ્યો હોય... પ્રથમ તો અમદાવાદમાં ચંદ્રનગર, શાંતિનગર પાસે સહુ પ્રથમ પ્રેતાત્મા મુક્તિ પ્રયોગ, જાન્યુઆરી, ૧૯૯૮માં કર્યો ત્યારે મને આનંદ થયેલો. આ એક નવો અને વિશિષ્ટ સેવાયજ્ઞનો પ્રારંભ હતો. પ્રેતના ભયથી સંધ્યાકાળ પછી એ વિસ્તારમાં કોઈ બહાર નીકળતું નહીં, ત્યારે સહુને ભયમુક્ત કરવા અને પ્રેતાત્માને મુક્તિ આપવી. એ પ્રસંગ... માતાજીએ મને સેવાની નવી દિશાનો આદેશ આપેલો... ત્યારપછી તો દેશમાં અને વિદેશમાં અનેક પ્રેતાત્મામુક્તિ યજ્ઞ થયા અને કેટલેય ઠેકાણે અકસ્માત નિવારણ અને પ્રેતાત્મામુક્તિ કાર્ય થયું. પણ પહેલાં પ્રસંગને હું હજીય પણ યાદ કરું છું. માર્ચ, ૨૦૦૨માં ભારત-પાકિસ્તાનના સંબંધો તંગ થયા હતા. દરેક સૂર્યોદય યુદ્ધના ભણકારા કરતો. શાંતિવાર્તાઓ નિષ્ફળ જતી અને વિશ્વાસઘાત તથા દગાથી આપણી માતૃભૂમિની રક્ષા કરતાં દેશના સૈનિકો મૃત્યુ પામતા... ત્રીજી એપ્રિલ, ૨૦૦૨નારોજ માતાજીએ પૂજા દરમ્યાન સીમા સુરક્ષાનો મંત્ર આપ્યો. ત્રણ જ દિવસમાં સવા લાખ મંત્રથી અભિમંત્રિત રેશમ દોરી સાથે તા. ૬ અને તા.૭ એપ્રિલના રોજ બનાસકાંઠા જિલ્લામાં આવેલી પાકિસ્તાન સરહદ નજીકના વિસ્તારને સીમા સુરક્ષા રેખાથી સુરક્ષિત કર્યા પછી

ભુજ જિલ્લાની સરહદોને સુરક્ષિત કરી... માતાજીએ યુદ્ધ અટકાવ્યું. અનેકના જાનમાલની હાનિ નિવારી શકાઈ.... આ એક અત્યંત વિશિષ્ઠ સેવા માટે માતાજીએ મારી પસંદગી કરી તેનો મને ખૂબ આનંદ છે.

જૂનાગઢ જિલ્લાના તલાલા નજીકના હરિપરા ગામે છેલ્લા ત્રણ-ચાર વર્ષથી ધડાકા થતા. ધરતીમાંથી આવતા આવા વિચિત્ર અવાજોનું કારણ સરકાર કે વૈજ્ઞાનિકો શોધી શક્યા નહોતા. નાનકડા ગામની ભયભીત પ્રજા આને કારણે દુ:ખી હતી. આ ગામના યુવકોને અન્ય ગામના સંબંધીઓ કન્યા પણ આપતાં નહીં. ભેદી ધડાકાઓથી આ ગામલોકો ખૂબ મુશ્કેલી અનુભવતા. તા. ૪-૩-૨૦૦૫ના રોજ આ ગામમાં ભૂકંપનિવારણ વિધિ કરી ત્યારથી ભેદી ધડાકા બંધ થઈ ગયા છે. લગભગ ૫૦૦ કુટુંબોમાં જે ખુશહાલી વ્યાપી ગઈ તેથી હું રાજી થયો. માતાજીએ આવા કામની જવાબદારી મને સોંપી અને મારા દ્વારા, ગામલોકો પર કૃપા કરી તેનો મને આનંદ થયો...

પ્રશ્ન : વ્યક્તિગત સેવા કરી હોય અને આપને આનંદ થયો હોય તેવા પ્રસંગો કહેશો....

પૂજ્યશ્રી: દરેક વ્યક્તિને હું તો માતાજીના આદેશો સંભળાવું છું. કોઈપણ વ્યક્તિ રોગમુક્ત કે ચિંતામુક્ત થાય તેનો મને આનંદ થાય પણ અસંભવ પરિસ્થિતિઓ જ્યારે સાનુકૂળ બની જાય અને વ્યક્તિને આશ્ચર્યજનક લાભ થાય ત્યારે વિશેષ આનંદ થાય. પ્રથમ તો છઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૭૬ના રોજ મધ્યરાત્રિએ માતાજીનો પ્રથમવાર સાક્ષાત્કાર થયો ત્યારે ખૂબ આનંદ થયેલો. બીજું શ્રીમતિ રમાબેન કંટોલને મગજમાં તકલીફ થઈ... ડૉક્ટરો, રિપોર્ટ અને વિજ્ઞાન કહે, ઓપરેશન કરાવવું જ પડશે... માતાજી મને સૂચવે કે, ઓપરેશનની જરૂર નથી. આધ્યાત્મિક આશીર્વાદ અને માતાજીની કૃપા પ્રસાદીથી ઓપરેશન વગર બિમારી દૂર થઈ. કુટુંબને એક સંકટમાંથી મુક્તિ મળી ત્યારે મને આનંદ થયેલો.

શ્રીમતિ પદમાબેન ગોહિલનો પ્રસંગ... તેમનું ગર્ભાશય વિકાસ પામ્યું નહોતું. ડૉક્ટરોના મત મુજબ તેઓ માતૃત્વથી વંચિત રહેશે. માસિક ધર્મ પણ દવા લે ત્યારે જ આવે અને તે પણ નોર્મલ નહીં. બંને પતિ-પત્ની શ્રદ્ધા કુટિરમાં નિયમિત આવે. તા. ૫મી સપ્ટેમ્બર, ૯૧ના રોજ કુટિરમાં માતાજીએ મારા કાનમાં સંકેત સંદેશ આપ્યો કે, રાત્રે ૯-૩૨ વાગે આવું છું. પદમાબેન અને તેમના પતિ હાજર હતા. માતાજીના તેજ કિરણોથી કદાચ ગર્ભાશયનો વિકાસ

અને હોર્મોન્સ રેગ્યુલર થયાં હશે. ગર્ભાધાન ક્યારે થયું તે પદમાબેનને ખબર પડી નહીં. ગર્ભ વિકસિત થતો ગયો. ડોક્ટરને બતાવી સોનોગ્રાફી કરાવી ત્યારે ખબર પડી કે, ૨૫ અઠવાડિયાથી ગર્ભ વિકાસ પામ્યો છે. પૂર્ણ માસે ૨૩મી ઓક્ટોબરે પુત્રનો જન્મ થયો. 'તેજેન્દ્ર' નામ પાડ્યું. પ્રસૂતિ પછી માસિક ધર્મ ફરીથી અનિયમિત છે. ખૂબ મોટી ઉંમરે માતૃત્વ પ્રાપ્ત થયું. માતાજીની મારા ભક્ત પર આવી કૃપા જોઈ ત્યારે ખૂબ આનંદ થયો.

પ્રશ્ન : પ્રથમ વખત જાહેરમાં સેવા કરી હશે તે દિવસની આપની લાગણીઓ કેવી હતી ?

પૂજ્યશ્રી: લોકોના પ્રશ્નો સાંભળવાની, સુલઝાવવાની અને માતાજીના આદેશો ઝીલવાની સક્ષમતા કેળવાઈ જતાં સાનંદાશ્ચર્યની લાગણી અનુભવી હતી.

પ્રશ્ન : પ્રથમ સાક્ષાત્કારની અનુભૂતિ, આનંદ, આશ્ચર્ય અને અહોભાવ આપના શબ્દોમાં...

પૂજ્યશ્રી: આનંદાશ્ચર્ય સિવાય કંઈ જ નહીં. અનુભૂતિ અને અહોભાવ શબ્દાતીત છે.

પ્રશ્ન : સાંસારિક જીવન સાથે સંતયોગીપણું આપ માણો છો. આપની પ્રતિષ્ઠા અદ્વિતીય રહી છે, તો આપના જીવનના સિદ્ધાંતો શું છે ?

પૂજ્યશ્રી: મારા અનુભવસિદ્ધ નવસિદ્ધાંતોના સહારે જ જીવન જીવાય છે.

પ્રશ્ન : "સેવા" અપેક્ષારહિત કરો છો ત્યારે આપના મક્કમ મનોબળનું રહસ્ય શું છે ?

પૂજ્યશ્રી: માતાજીનું પયપાન, માતપિતાનો સંસ્કાર વારસો અને મારું પ્રારબ્ધ જ મારા મક્કમ મનોબળનું રહસ્ય હોઈ શકે.

પ્રશ્ન : "જાતે રસોઈ બનાવીને ભક્તોને જમાડવા" આ શોખ અને આવી સેવાની મનોવૃત્તિ આપનામાં કેવી રીતે ઉદ્ભવી ? માફ કરો, ક્યારેય મા ગાયત્રીએ આ પ્રવૃત્તિની પ્રેરણા કે આદેશ આપ્યો છે ?

પૂજ્યશ્રી: માતપિતાનો સંસ્કાર વારસો, માતાજીને ભાવતી મનગમતી વાનગીઓનો ઘટસ્ફોટ અને મારા આત્મિક આનંદની પુષ્ટિ જ મને "જાતે રસોઈ બનાવીને જમાડવાની" મનોવૃત્તિનું કારણ હોઈ શકે.

પ્રશ્ન : આપ પ્રસિદ્ધિથી દૂર કેમ રહો છો ?

પૂજ્યશ્રી: શરણાગત બાળકનું પરમેશ્વરીથી અલગ અસ્તિત્વ હોઈ શકે જ નહીં. માતાજીની પ્રસિદ્ધિમાં જ સઘળું આવી જાય છે.

પ્રશ્ન : આપે ગાદી, આશ્રમ કે સંસ્થા કેમ સ્થાપી નથી ?

પૂજ્યશ્રી: માતાજીનાં સ્મરણ, સાનિધ્ય અને સેવાયજ્ઞમાંથી સમય ફાળવવો શક્ય જ નથી.

પ્રશ્ન : આપના ઉદ્‌બોધનો, આશીર્વચન ખૂબ સચોટ, સ્પષ્ટ અને પ્રભાવશાળી હોય છે. આપનો આધાર ક્યો ? વાંચન, સ્વયંસ્ફૂરણા કે માતાજીની પ્રેરણા ?

પૂજ્યશ્રી: માતાજીની પ્રેરણા.

પ્રશ્ન : ભક્તોને આપે નવસૂત્ર, માનવતા વ્રત, પરમશક્તિમંત્ર વગેરે કેમ આપ્યા ? ભક્તો માટે આપ શું ચાહો છો ?

પૂજ્યશ્રી: મારા ચાહકો આધ્યાત્મિક પંથે પ્રયાણ કરે, પોતાની આત્મિક શક્તિ જાગૃત કરે, દૂષિત વાતાવરણથી લેપાય નહીં, માનવતાની મહેંક પ્રસરાવે. તેમજ વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક જીવનમાં સુખ, શાંતિ અને સંતોષનો અનુભવ કરે. જીવનનો ઉદેશ્ય સમજે અને તે પ્રમાણે જીવનયાત્રા પૂર્ણ કરે.

પ્રશ્ન : સંત જીવનમાં આપને દુ:ખ ક્યારે થાય /

પૂજ્યશ્રી: સંતની નિકટ હોવાનો લહાવો લે, ગર્વ અનુભવે પરંતુ સંતના આદર્શો અને આદેશોને પોતાના જીવનમાં અપનાવે નહીં ત્યારે સહજ ગ્લાનિ થાય.

પ્રશ્ન : આપના અમૃત મહોત્સવ પ્રસંગે આપ કોને કોને યાદ કરો છો ?

પૂજ્યશ્રી: મા ભગવતી અને મારા પૂજ્ય માતાપિતાને ખાસ યાદ કરું છું.

પ્રશ્ન : શક્તિ અને સામર્થ્ય હોવા છતાંય આપ ભક્તોને સાથે કેમ રાખો છો ?

પૂજ્યશ્રી: ભક્તોને - ચાહકોને હું મારા આત્મીય સમજું છું. વળી, તેમનામાં છુપાયેલા શક્તિ સામર્થ્યને જાગૃત કરવાની પ્રેરણા મળે, તક મળે તેવો મારો ભાવ હોય છે.

પ્રશ્ન : કોઈ અદ્‌ભૂત કાર્ય કર્યાનો સંતોષ થયો હોય તેવો પ્રસંગ કહેવા વિનંતિ.

પૂજ્યશ્રી : આમ તો માતાજીની પ્રેરણાથી જ કાર્ય થતું હોય છે, પરંતુ ધરતીકંપ નિવારણ વિધિ કરી વડોદરાને બરબાદીથી બચાવી લેવાયું, સુનામી વિધિ, માનવ અને પશુ પ્રેતાત્મા શાંતિ મુક્તિ અને સરહદ કાર્ય કર્યા પછીના પરિણામોથી સંતોષ થયો હતો.

પ્રશ્ન : અમૃત મહોત્સવ પ્રસંગે આપના ભક્તો માટે આપનો દિવ્ય સંદેશ કહેશો ?

પૂજ્યશ્રી: "જીવન એક સાધના છે" જીવનયાત્રાને સાધના બનાવો. જીવનના પ્રત્યેક કર્મ ને ધર્મ બનાવો અને પરમાત્માને જ જીવનનું કેન્દ્રબિંદુ બનાવો....

આપનો ખૂબ ખૂબ આભાર અને સહુ ભક્તો વતી આપના ચરણોમાં સાષ્ટાંગ્ પ્રણામ....

ૐ મા ૐ

## (૩) અમૃત મહોત્સવની રસલ્હાણ

જીવનયાત્રાના **પંચોત્તેરમાં વર્ષ**માં પ્રવેશી રહેલા **પૂજ્યશ્રી રાજયોગી નરેન્દ્રજી**ના **અમૃત મહોત્સવ**નું સપ્તાહ ઉજવવામાં આવ્યું હતું. દેશ વિદેશના ૐમાૐ પરિવારના ભક્તો મોટી સંખ્યામાં આ મહોત્સવમાં ઉપસ્થિત રહી આધ્યાત્મિક આનંદના સહભાગી બન્યા હતા.

મહોત્સવની ઉજવણીનાં ભાગ રુપે "**થનગનાટ**" કાર્યક્રમ અંતર્ગત સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં પાંચ વર્ષથી ૧૦૦ વર્ષની ઉંમર સુધીના ભક્તો પોતાની કલા, જ્ઞાન, શક્તિઓ પ્રદર્શિત કરી શકે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. નિંબધ , નિરીક્ષણ, ગીત, શ્લોક, વકતૃત્ત્વ, ટૂચકા મીમીક્રી, વેશભૂષા, એકપાત્રીય અભિનય, શાસ્ત્રીયનૃત્ય એકાંકી નાટયસ્પર્ધાઓ તા.૩-૯-૦૬ થી ૬-૦૯-૦૬ સુધી યોજવામાં આવી હતી. અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, મુંબઈ, ભાવનગર અને નાગપુરના લગભગ ૧૫૦ ભક્તોએ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. પ્રથમ ત્રણ નંબરના પ્રત્યેક સ્પર્ધાના વિજેતાઓને પૂજ્યશ્રીના હસ્તે પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતાં ઉપરાંત અન્ય સ્પર્ધકોને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતાં.

ચોથી તારીખે સાંજના કાર્યક્રમ વેળાએ સેવાદિન નિમિત્તે પૂજ્યશ્રીએ પોતાની અભિવ્યક્તિ રજૂ કરી હતી. સાથે સાથે અન્ય ભક્તોએ પણ પોતાની અભિવ્યક્તિ રજૂ કરી હતી.

છઠ્ઠી તારીખે સવારના કાર્યક્રમમાં દવેકૂળ પરિવારનું સ્નેહ સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં પૂજ્યશ્રીનું જ્ઞાતિબંધુઓ સાથે એક સંસારી સંન્યાસીના રૂપનું દર્શન થયું હતું.

હોલની દિવાલો પર પૂજ્યશ્રીના ભૌતિક અને આધ્યાત્મિક જીવન અને સેવાયજ્ઞના વિવિધ ક્ષેત્રોને આવરી લેતું સુંદર ફોટોગ્રાફીક પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

સાંજે "**માનવતાની કેડીએ**" વિષય પર સેમીનાર યોજવામાં આવ્યો હતો. જેમાં વિવિધ ક્ષેત્રના તજજ્ઞો જેવા કે ડૉક્ટર્સ-સર્જન, ગાયનેકોલોજીસ્ટ, સ્ટ્રક્ચરલ એન્જીનિયર, ઉદ્યોગપતિ, શિક્ષણાધિકારી, સરકારી અધિકારી અને શિક્ષિત ગૃહિણી - આ મહાનુભાવો પોતાના વ્યવસાય અને કાર્યક્ષેત્રમાં 'માનવતાની કેડી' કેવી રીતે કંડારી શકે છે તેમના સ્વાનુભવો સુંદર રીતે વર્ણવ્યા હતા.

સાતમી તારીખે સવારના કાર્યક્રમમાં પ્રાર્થના પછી વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી હતી. માનવતા દિન પ્રસંગે ભક્તોએ પોતાની અભિવ્યક્તિ રજૂ કરી હતી. પૂજ્યશ્રીએ "પોતાનું જીવન જ એક સાધના છે" જણાવી મનનિય પ્રવચન કર્યું હતું.

"**શ્રી રાજપદ્મપરાગ**" પુસ્તકનું વિમોચન પૂજ્યશ્રીના ભાવિપેઢીના બાળકો પૌત્ર અને દોહિત્રના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું.

સાતમી તારીખના સાંજના કાર્યક્રમમાં આજે યોગાનુયોગ રાષ્ટ્રગીત 'વંદેમાતરમ્' નો શતાબ્દિ ઉત્સવ પણ છે. વળી માતાજીના શિસ્તબધ્ધ સૈનિક એવા પૂજ્ય રાજયોગીજીએ આજે કર્નલનાં (મીલીટરી) પરિવેશમાં રાષ્ટ્રીય ગીત સાથે 'માર્ચ ઓન' કરી માતાજીને સલામી આપી હતી, રાષ્ટ્રગીત પણ ગવાયું હતું.



પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી
માતાજીના શિસ્તબધ્ધ સૈનિક
તરીકે કર્નલના (મીલીટરી) પરિવેશમાં.

સાંસ્કૃતિક પ્રોગ્રામમાં મુંબઈના ભક્તોએ "અંશનું અસ્તિત્વ" નાટક સુંદર રીતે ભજવ્યું હતું. મુંબઈ અને વડોદરાના ભક્ત બાળકો અને મોટેરાઓએ નવસૂત્રો અને નિર્ભયતાને આવરી લેતાં એક્શન ગીતો રજૂ કર્યાં હતા પછી અમદાવાદના ભક્તોએ પૂજ્યશ્રીને આવેલ દિવ્ય સ્વપ્ન માતાજીની હાજરીમાં દેવોની અને મહાન ભક્તોની સાથે રાસ રમ્યાની અનુભૂતિ "**દિવ્ય રાસોત્સવ**" રજૂ કર્યું હતું સમગ્ર માહોલ આધ્યાત્મિક વાતાવરણમાં પરિવર્તિત થઈ ગયો હતો. બંને નાટકો સુંદર રીતે રજૂ થયાં હતાં.

પૂજ્ય ગુરુદેવે બધા જ સ્પર્ધકો અને કલાકાર ભક્તોને અભિનંદન સહ આશીર્વાદ પાઠવ્યા હતાં. સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓને, સમિતિના સભ્યો, સૂત્રધારો, નિર્ણાયકો, સેમીનારમાં ભાગ લેનાર તજજ્ઞો અને સાંસ્કૃતિક પ્રોગ્રામના કલાકારોને પૂજ્યશ્રીના હસ્તે ઈનામ અને ભેટ આપવામાં આવ્યાં હતાં.

ઉત્સવની પૂર્ણાહૂતિમાં બ્હેનજીએ આભારવિધિ કરી નાના મોટા સર્વે ભાઈબ્હેનો, કલાકારો, સ્પર્ધકોને તાળીઓના ગડગડાટથી નવાજ્યા હતા, બિરદાવ્યા હતા. મંત્રોચ્ચાર અને આરતી સ્તુતિ કરી અમૃત ઉત્સવની પૂર્ણાહૂતિ કરી હતી.

ચોથી તારીખથી સાતમી તારીખ સુધી હોલમાં સવારે ચ્હા નાસ્તાથી સાંજના જમણ સુધીની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. કુટુંબદીઠ દરેક ભક્તોને પૂજ્યશ્રીના અમૃત મહોત્સવ પ્રસંગે પ્રેમામૃત ભરેલો **જગ** અને **॥શ્રીરાજપદ્મપરાગ॥** પુસ્તકની ભેટ આપવામાં આવી હતી.

આઠમી તારીખે શ્રધ્ધા કુટીરમાં નિર્દોષ હંસી ખુશી, મોજ મસ્તીની સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર અમૃત મહોત્સવ સપ્તાહનો આનંદ એક અવિસ્મરણીય આધ્યાત્મિક અનુભવ બની ગયો અને સર્વેના અંતરને પ્રેમામૃતથી ભીંજવી ગયો, તરબોળ કરી દીધાં.

ૐમાૐ

## (૪) "અમૃત મહોત્સવ"

જેની દૃષ્ટિથી તુજ આંખલડીના અમૃત સહુએ પીધાં છે
જેના કરકમલોમાં સંતાતા તુજ સ્પર્શ પિછાણી લીધા છે
જેના હાવ-ભાવ દેખાવ મહીં, તુજ વૈભવ પળ પળ વર્તાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૧

જે ગામ ગોધરા ગાગર થૈ, સાગરને સમાવી છલકાયું
જૈનું શૈશવ તારા ઉર અમૃતના પાન કરી કરી મલકાયું
તુજ તેજ તરવનો તરવરાટ, તારુણ્ય બની જેનું ઉભરાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૨

લૈ રોમેરોમ આશિષનું અમૃત, વ્યોમથી પેખે ભોમ વિશે
પરસનબા - બાપુલાલ લોચને પાવન અમીરસ ધાર દીસે
શ્રી રાજશ્રવણ પર માત્ત-તાતનો મંગલધ્વનિ શુભ સંભળાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૩

સીંચી નિજ સત્વ એ સંતબાળની સ્નેહથી મા ! સંભાળ ધરી
કરી કઠણ કાળજું કરૂણામયી તે કૈંક કસોટી તોય કરી
ધન-ધાન અભાવે અલગારી અમૃતમય જાણી ચણા ખાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૪

શું કરે નોકરી સરકારી, એની ઉપર મા-સરકારી હતી
માનવ સેવામાં મસ્ત યોગીને કોઈની ક્યાં દરકાર હતી !
ભવ ભવનો ભગવતી સંગ, બાળનો બંધાયો અમીમય નાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૫

નાનુ-બાપુ - શ્રી નરેન્દ્ર દવે - શાસ્ત્રીજી - રાજયોગીજી અને
નર મયૂર રાજ માવલડી તારો પ્રેમ પુરૂષોત્તમ બને
શ્રદ્ધા - શરણાગતિ - ભક્તિ - શુચિ - સેવા સુવાસથી સંકળાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૬

ગુલબાઈ ટેકરે ચડી જોગીડે સેવાધૂણી ધખાવી છે
નિજ તપના તેજે તીર્થ નિલોષા - ગાદી ખૂબ તપાવી છે
દુ:ખિયાના દુ:ખને દૂર કરી મારો નાથ દયાળુ હરખાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૭

જગ ગરલ કટોરા ગટગટાવતાં વાર જરી યે ના લાગે
તુજ વિરલ બાળને નિરખી સઘળાં દુ:ખના દળ પણ દૂર ભાગે
તુજ પ્રેમ - પિયુષને વિશ્વ વિશે વહેંચી વહેંચીને મલકાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૮

નિજ હૃદય વલોવી નિપજાવ્યું, નવનીત-નરેન્દ્ર એ નામ દીધું
જગ ઉદ્યાને સુરભિત સુમનને સાચવવાનું કામ દીધું
ચૂંટી પુષ્પોને ધરી માત તુજ ચરણો જે પૂજી જાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૯

એણે મહાવ્યાધિના શમન કાજ નવ ઔષધના અમૃત પાયા
ઋષિરાજને ધ્યાન સમાધિમાં કૈં મંત્ર પ્રયોગો દેખાયા
તુજ પ્રેરિત મંત્રપિયુષના પ્યાલા ભરી-ભરી જગને પાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૧૦

એણે સકલ જગતની સેવાનું સામ્રાજ્ય માડી માંગ્યું છે
કૈં સિદ્ધિ - પ્રસિદ્ધિ સુખ-સમૃદ્ધિ તૃણ સમાન ગણી ત્યાગ્યું છે
અમે અમૃત શું ? આ તો બસ ભક્તોને વશ ભગવન્ થઈ જાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૧૧

એની ભોમ-વ્યોમ તું માવલડી, એના સૂર્ય સોમ તું માવલડી
એને રોમ-રોમ તું માવલડી, એનો ૐ ૐ તું માવલડી
એની આંખલડીમાં વેદમાત, વાત્સલ્ય વેદ નિત વંચાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૧૨

નિજ તપના અમૃત પ્રેત-ટોળીને દોડી દોડીને પાયા છે
ધરી નૂતન જન્મ ધરા પર અવગતિયા જીવો હરખાયા છે
જીવલેણ પંથ પર અમૃત છાંટી, રાજમાર્ગ એ કરી જાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૧૩

જ્યાં ધૈર્ય ગુમાવી ધરતી કેરું કાળજડું કંપી જતું
શ્રી રાજહસ્તની અંજલિ કેરું અમૃત પી જંપી જાતું
શ્રીચરણ શેષના મસ્તકને કરી સાવધ પંપાળી જાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૧૪

મહેરામણ માઝા મૂકી માનવીના જીવતરને ઝેર કરે
મર્યાદા શીખવી મહાસાગરને મા-બાળ મળીને મ્હેર કરે
જેના અભયના અમૃતપાન કરી ખારો દરિયો ડાહ્યો થાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૧૫

દુર્બંધ્ય દંડથી દુનિયાના દાનવતત્ત્વોને ડામ્યા છે.
આસુરી અવિદ્યા સામે નવસૂત્રોના શસ્ત્ર ઉગામ્યાં છે.
મહાદવ મધ્યે માનવ રાજરખોપા પામી રક્ષાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૧૬

મા-ભોમ કાજ તપ કઠિન માવડી ! તુજ આદેશ આદર તો
નિજ રાષ્ટ્ર રક્ષવા કવચ મંત્રના લઈને સીમાઓ પર ફરતો
ભડવીર યોગી ભારતમાતાનો શિસ્તબદ્ધ સૈનિક થાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૧૭

નવજાત શિશુને નવસૂત્રોને ૐ મા ૐ નું અમી દઈ
નવતર સૃષ્ટિના સર્જનની શરૂઆત સહુને ગમી ગઈ
એ અમીરસ સિંચન થકી માનવી અભિમંત્રિત માનવ થાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૧૮

જેના સ્વપ્રજગતમાં માતપ્રેમનો મહાસાગર નિત ઘૂઘવાતો
ને બંધ પાંપણે પરમશક્તિ ! અદ્વૈત દશાને અનુભવતો
તવ પ્રેમ-પિયુષના પાન થકી પૌરૂષભાવ પણ વિસરાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૧૯

જેની આંખલડી બને વાંસલડી દૃષ્ટિમાં સૂરમાધુર્ય વહે
એ કળાયેલ નરમયૂર ચરણના ઠમકારે સંગીત રહે
એની અડખે-પડખે તુજ ઝાંઝરનો ઝણકારો નિત સંભળાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૨૦

સંસાર તણી ઘટમાળ વિશે ઘટ પ્રેમપિયુષના લઈ ફરતો
ઘટ - ઘટમાં વસ્તી વરદાયિનીના વ્હાલતણી વર્ષા કરતો
અઘટિત ઘટના કોઈ ઘટે શરણાગત રાજનો રક્ષાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૨૧

કોઈ સંત કહે ભગવંત કહે, કોઈ કોઈ કહે અવતારી છે
કોઈ શ્યામ કહે કોઈ શિવ કહે, કોઈ કહે નરરૂપમાં નારી છે
મા ! દિવ્ય સુધામય નરસ્વરૂપનો મર્મ ન કોઈથી પકડાયો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૨૨

શ્રી રાજ કહું, મહારાજ કહું, ઋષિરાજ કહું, યોગીરાજ કહું,
તુજ ગીત કહું, સંગીત કહું, સ્વરબ્રહ્મ કહું કે સાજ કહું
તુજ હૃદય વીણાનો તાર ધરી અવતાર રહે છે છેડાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૨૩

સાકાર સુધારસ સકલ સૃષ્ટિમાં સદ્‌ગુરુ રૂપે સાથ રહો
ભગવતી ! ભવોભવ ભક્ત શિરે આ ભૂપયોગીનો હાથ રહો
સંસાર સફરમાં રાજરૂપે ભગવાન ભવોભવ મળી જાતો
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૨૪

એ યુગે યુગે અવતાર ધરી, અમૃત જગતનો પાતો રહે
એના ચરણામૃતના પાન કરી કરી મુંજ સદાયે ગાતો રહે
તવ રાજમયૂરનો પીંછા સંગે અનંત અમીમય નાતો રહે.
**હે રાજમાત ! યુવરાજ કુંવરનો અમૃત ઉત્સવ ઉજવાતો** હે રાજમાત ...૨૫

**ૐ મા ૐ**

## (૫) આશીર્વાદ - કલા રસિકોને

*રાજયોગી નરેન્દ્રજી* *તા. ૭-૯-૦૬*

(તા. ૭-૯-૦૬, ગુરૂવારે અમૃત મહોત્સવ ઉજવણીની સમાપન સંધ્યાએ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીએ સર્વભક્તોના ભાવને બિરદાવીને આશીર્વાદ આપતી વેળાએ કરેલું ઉદ્‌બોધન. તા. ૭-૯-૦૬, સાંજે ૪ થી ૮.)

***વ્હાલા બાળકો, આત્મીયજનો,***

મારા આપ સર્વેને આશીર્વાદ છે. અમૃત મહોત્સવની ઉજવણીમાં આપ સર્વેનો આનંદ, ઉલ્લાસ, ઉત્સાહ અને સહકારની ભાવના જોઈને હું ગર્વની લાગણી અનુભવું છું.

ભારતના વિવિધ શહેરો, ગામો અને કસ્બાઓમાંથી તેમજ વિદેશમાંથી આવેલા મારા લાડલા બાળકોને, ચાહકોને જોઈને મારું મન ઝૂમી રહ્યું છે. અમૃત મહોત્સવ અને માનવતા દિનની ઉજવણી કામકાજના દિવસોમાં હોવા છતાં આવા અમૂલખ પ્રસંગને માણવા અને આધ્યાત્મિક વાતાવરણનો અનુભવ કરવા, ભાવગંગામાં સ્નાન કરવા આપ સર્વેની ઉપસ્થિતિ આપની આધ્યાત્મિક રુચિના અને મારા પ્રત્યેના પ્રેમના દર્શન કરાવે છે.

ચાર દિવસથી ચાલતી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાની કળાનું પ્રદર્શન કરતાં મારા વ્હાલા બાળકો આપ સર્વે અભિનંદનને પાત્ર છો. સામાન્ય રીતે દરેક વ્યક્તિના શરીર, મન, બુદ્ધિ અને ચિત્તમાં અતૂટ શક્તિ સંગ્રહાયેલી છે. ફક્ત તેને કાર્યાન્વિત કરવાની જરૂર છે. તેને વિકસાવવાની જરૂર છે. યોગ્ય માર્ગદર્શન, વાતાવરણ અને બુદ્ધિવિકાસની તાલીમ - શિક્ષણની જરૂર છે, વળી વ્યક્તિની અંગત ઈચ્છા, ઉત્સાહ અને દૃઢ મનોબળની પણ આવશ્યકતા રહે છે.

બાળકો, યુવાનો, ત્રીસી વટાવી રહેલા અને ષષ્ઠિમાં પ્રવેશી રહેલા ભાઈ-બ્હેનોએ પોતાની રુચિ, શોખ અને આવડત અનુસાર ભાગ લઈને સમગ્ર માહોલને પ્રફુલ્લિત બનાવી દીધું છે.

આપની વિવિધ સ્પર્ધાઓમાં અને સાંસ્કૃતિક પ્રોગ્રામમાં મારા આદર્શો, આદેશો અને સિદ્ધાંતોને અભિવ્યક્તિ કર્યા છે. હવે જીવનયાત્રા દરમિયાન આચરણમાં મૂકવા પ્રયત્ન કરજો. આત્મિક વિકાસની ઉજળી તકો સાંપડશે. આધ્યાત્મિકતાની કેડી કંડારી શકાશે.

ઈનામ પ્રદાન તો માત્ર પ્રોત્સાહન રૂપે જ છે. આપની કલાઓને કોઈ કિંમતમાં મૂલવી શકાય નહિ. બધી જ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક પ્રોગ્રામ ઉત્તમ છે. સ્પર્ધકો અને આયોજકો પણ ઉત્તમ છે. આપની શક્તિઓનો વિકાસ કરતાં રહેજો અને જીવનમાં સરળતા, સહજતાઅપનાવતા રહેજો.

સેમિનારના વિષય "માનવતાની કેડીએ" પર વિવિધ ક્ષેત્રના તજજ્ઞોએ પોતાના વ્યવસાયને

કેન્દ્રમાં રાખીને પોતાના મંતવ્યો, અનુભવો સુંદર અને સચોટ રીતે અભિવ્યક્ત કર્યા છે. વ્યસ્ત જીવનમાંથી પણ સમય ફાળવીને માનવતાની કેડીને કેવી રીતે કંડારી શકાય. તેનો અનુભવ દર્શાવી એક સુંદર માર્ગદર્શન શ્રોતાવર્ગને આપ્યું છે.

'શ્રીરાજપદ્મપરાગ' પુસ્તકના આયોજન માટે રાજ સમુદ્રમાં ડૂબકી લગાવી મોતી અને અમૂલ્ય ખજાનો શોધવા માટે લગભગ એક વર્ષથી પ્રયત્નો થતાં હતા. કુશળ મરજીવાઓએ સમુદ્રમાં ડૂબકી લગાવી, સમુદ્રમંથન પણ કર્યું અને અમૂલ્ય ખજાનાને સાકાર સ્વરૂપ આપીને 'શ્રીરાજપદ્મપરાગ'ના રૂપે સજાવી દીધો.

અમૃત મહોત્સવના નાના - મોટા દરેક વિભાગનું સુપેરે સંચાલન અને સહાય કરનાર સર્વ બાળકોને ,ચાહકોને આશીર્વાદ સહ અભિનંદન.

ૐ મા ૐ

## (૬) માનવતા દિન - જીવન એક સાધના છે

*રાજયોગી નરેન્દ્રજી* *તા. ૭-૯-૦૬*

*આધ્યાત્મિક પંથના પ્રવાસીઓ,*

મા ભગવતી, ગાયત્રી મા સદેહે પ્રગટ થઈને મને દર્શન આપે છે. કાર્યયજ્ઞ વિષે સલાહ સૂચન અને માર્ગદર્શન આપે છે. જીવનની હરપળે મારી સાર-સંભાળ રાખે છે. આ હકીકતથી ઘણાને આશ્ચર્ય થાય છે. ઘણા મને પૂછે છે કે, તમે શું સાધના કરો છો ? કેટલો સમય સાધનામાં વ્યતીત કરો છો ?

જુઓ ભાઈ, મારું જીવન એ જ એક સાધના છે. માતા-પિતાનો સંસ્કાર વારસો અને મારા જન્મોજન્મના સાત્ત્વિક પ્રારબ્ધકર્મોનો જ આ પરિપાક છે. આમ જોવા જઈએ તો મારું સમગ્ર જીવન કર્મપ્રધાન છે. નિષ્કામ કર્મ એ જ મારા જીવનનું ધ્યેય છે, જીવનની મૂડી છે.

**મારા મંતવ્ય અનુસાર માનવજીવન એક સાધના છે. દરેક વ્યક્તિ માટે નિર્મિત થયેલી કામગીરીને વ્યક્તિ પોતાની સાધના બનાવી શકે છે.**

બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે માનવીને પરમની સૃષ્ટિ સર્જનનો મુગટ બનાવ્યો. બ્રહ્માએ માનવીને બધાં જ વરદાન આપીને આ સૃષ્ટિમાં મોકલ્યો. માણસને પરમાત્માના આ વરદાનની ખબર નથી. પરમાત્માએ આ વરદાન માનવીના મનમાં અને હાથમાં બીજ રૂપે મૂક્યાં છે. આપણે આ બીજરૂપી વરદાનનો પરિપાક લેવા માટે મનમાં શુભ, સુંદર, સર્જનાત્મક સંકલ્પો કરવા જોઈએ અને હસ્ત થકી સંકલ્પોને પાર પાડવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

**કર્મ એક દૈવી વરદાન છે. પરમાત્મા તરફથી મળેલા આ દૈવી વારસાનો ઉપયોગ સ્વના વિકાસ અને સમષ્ટિના શ્રેયાર્થે કરવાથી આ દૈવી વારસાનો વિસ્તાર વધારી શકાશે, અને જીવનનો વિકાસ કરી શકાશે.**

આપણા જીવનમાં સરળતા, સહજતા, સમતાભાવ, પારદર્શકતા, સ્વાભાવિકતા જેવા સાત્ત્વિક ગુણો, લક્ષણોને ઉજાગર કરીએ ત્યારે જ આપણી જીવન સાધનામાં વિકાસ કરી શકાય.

સાધના એટલે ઉપાસના તો ખરી જ પરંતુ સાથે સાથે સતત ચૈતન્યશીલ જાગૃતિવાળી પ્રવૃત્તિ. આવી પ્રવૃત્તિથી જ આત્મચેતના પ્રગટાવી શકાય. આપણે જ્યારે આપણા ઐશ્વર્યને, આત્માને ઓળખીએ છીએ ત્યારે આપણી અંતરયાત્રા શરૂ થઈ જાય છે. અને પરમાત્મા સાથે અનુસંધાન સાધી શકાય છે. આત્માનો પરિચય જ આત્મવિકાસની પ્રથમ પગદંડી છે.

આપણા સાત્ત્વિક શુભ વિચારો અને સાત્ત્વિક કર્મ એ જોડિયા બાળકો જેવા છે. બંનેના સાયુજ્યથી જીવનને નંદનવન બનાવી શકાય છે.

હકારાત્મક વિચારની દીવાદાંડી પકડીને જીવનયાત્રાને આગળ ધપાવતાં જઈએ, કર્મનું સન્માન કરીએ. આપણે જેવા વિચાર રાખીશું તેવું કર્મ થશે, અને જેવું કર્મ થશે તેવું જીવન ઘડાશે. ઉન્નત, ઉર્ધ્વગામી જીવન બનાવવા માટે વિચારો, ભાવનાઓ અને કર્તવ્યની ભૂમિકાને ઉજ્જવળ અને ઉન્નત બનાવવી જ પડશે.

દિવસની પ્રત્યેક ક્ષણને હું સાધનામાં વિતાવું છું. મનથી સ્મરણ અને હસ્તથી કર્મ એ જ મારા જીવનનો મુદ્રાલેખ છે.

નીચે દર્શાવેલા નિયમોથી જીવનપ્રવાહને આકાર આપીએ.

૧. શરીરને આપણા આત્માનું મંદિર માનીએ.
૨. અશુભ વિચારોથી મંદિરને કલુષિત ન કરીએ.
૩. શુભ, આશાવાદી અને હકારાત્મક વિચારોને જ મનમાં ઉદ્‌ભવવા દઈએ અને પુષ્ટ કરીએ.
૪. વિચારોને મનનું ભોજન સમજીએ.
૫. ચિંતાને મનમાં પ્રવેશ ન આપીએ. ચિંતા ઉદ્‌ભવે તો પરમાત્માનું ચિંતન કરીએ.
૬. ખૂબ જ પ્રેમ, સહજતા અને સરળતાથી જીવીએ.

**મારા આપ સર્વેને આશીર્વાદ છે.**

પંચોતેરનો ભાવાર્થ મારા ભાવ પ્રમાણે

૧. પં - પંચાયત દેવ - પરમાત્મા
ચો - ચોર્યાસી યોનિ : ચૌદ ભુવનનો નાથ
તે - તેમની (પરમાત્માની) સમીપ
ર - રહેવાનું.

જીવનનો પંચોતેરમાં વર્ષમાં પ્રવેશ થાય એટલે વ્યક્તિએ જીવનની પ્રત્યેક પળે પરમાત્માની સમીપ રહેવાનું, સાનિધ્ય કેળવવાનું.

૨. શિસ્તબદ્ધ સૈનિક

શિસ્તબદ્ધ સૈનિક માત સેનાપતિ તણો
આદેશ ઝીલું, અમલ કરું
સઘળું માતને સમર્પિત કરું
આજ સૈનિક તણા ગણવેશમાં
નત મસ્તકે વંદન કરું
હે માત ! સુણજે પ્રાર્થના તુજ બાળ સૈનિક તણી
જન્મોજન્મ સેવાતણા સમરાંગણમાં
સેવાના શસ્ત્રો સજાવતી રહેજે.
સેનાપતિ બની આદેશો આપતી રહેજે.

3. સમાવી શિવ ને શક્તિ

બાળને સૈનિક થાવું છે
અગર જો શિવ આવે તો
તાંડવ કરી જાઉં
અગર જો શક્તિ આવે તો,
સૈનિક બની જાઉં.
અગર જો શિવ-શક્તિ સાથમાં
રાજયોગી બની જાઉં.

ૐ મા ૐ

(૭) **સેવાદિન**

પૂ. રાજયોગી નરેન્દ્રજી

તા. ૪-૯-૦૬

## સેવાને કર્મયોગ બનાવીએ

સેવા કરવી એ આપણો ધર્મ છે. એમ સમજીને આપણી શક્તિ તન, મન અને ધનથી પરમની સૃષ્ટિના પ્રત્યેક જડ ચેતન સર્જનની સેવા કરવી જોઈએ. સેવાની ભાવનાને સ્વાર્થ, અહમ્, અપેક્ષા કે બદલાની ભાવનાથી અભડાવવી જોઈએ નહિ. નિઃસ્વાર્થ, નિરપેક્ષ અને નિઃશુલ્ક ભાવે અન્યને માટે કરેલું કાર્ય જ સેવામાં પરિણમી શકે અને તેવું કાર્ય કર્મયોગ બની શકે.

**સેવા કરનાર વ્યક્તિ તો નિમિત્ત માત્ર જ છે. ખરેખર તો સેવા લેનાર વ્યક્તિ તેના પ્રારબ્ધ અનુસાર કોઈની મદદ મેળવે છે. સેવા કરવાનું સૌભાગ્ય સાંપડે તેને પરમની કૃપા જ સમજો. સેવા કાર્ય માટે તમારી પસંદગી થઈ તે બદલ પરમાત્માનો હૃદયથી આભાર માનો અને સેવાની તકને પૂરી નિષ્ઠાથી અપનાવી લો. પરમાત્માને પ્રાર્થના કરતાં રહો કે, સેવાની તક સમજવાની અને ઝડપવાની શક્તિ આપે. સેવા સ્વીકારનાર વ્યક્તિને સ્વજન, આત્મીયજન ગણી તેનું ઋણ સ્વીકાર કરો.**

તમારા થકી કોઈનું ભલું થયું હોય તો તેનો યશ પરમાત્માને જ આપજો. ભલાઈ તો ભગવાન જ કરી શકે. તમે તો માત્ર પરમની પ્રેરણાના પિયુષ પહોંચાડનાર એક માધ્યમ માત્ર જ છો. સેવા લેનાર અને સેવા દેનારના પૂર્વજન્મનાં કર્મો જ તેને માટે જવાબદાર છે. સેવા કરવાનો સદ્વિચાર આવે તેને તમારું સૌભાગ્ય અને પરમની કૃપાપ્રસાદી જ સમજો. પરમાત્માની પ્રેરણા, પ્રસાદી અને તેની જ શક્તિ સામર્થ્ય સમજીને જ સેવા કરશો તો સેવા લેનારને શુભ ફળ મળશે જ.

વિધિના વિધાનને બદલવાનો પ્રયત્ન કરી શકાય જ નહિ. વિધિના વિધાનને પરમાત્માનો શુભ સંકેત જ સમજવો જોઈએ. સેવા દરમિયાન તમારી પરમ પ્રત્યેની નિષ્ઠાને, શ્રદ્ધાને ક્યારેય વિચલિત થવા દેશો નહિ. સર્વત્ર અને સદાય પરમની પ્રત્યક્ષતાનો અનુભવ કરો. સર્જન અને સંહારના કાર્યોમાં પરમની મંગલ ભાવનાનાં જ દર્શન કરો. રુદનમાં, હાસ્યમાં પરમની મરજીનો જ અનુભવ કરો. સુખ અને દુઃખમાં તેનો જ સાથ નિભાવો.

ભગવાન ક્યારેય ભૂલ કરતાં નથી કે ભગવાન ક્યારેય અન્યાય કરતાં નથી. વ્યક્તિ તેના જન્મોજન્મના અને વર્તમાન જન્મના જીવન દરમિયાન કરેલા શુભ, અશુભ કર્મોનું ફળ ભોગવે છે. સેવાના ક્ષેત્રની માનવીય મર્યાદાઓને સમજીને, શુભ અને શુદ્ધ ભાવનાથી જ નિઃસ્વાર્થ સેવા કરો. સેવા ક્યારેય વ્યાપારમાં પરિવર્તિત ન થઈ જાય તેનું સતત ધ્યાન રાખો અને સાવધ રહો.

આપ સર્વે સાચા, સંનિષ્ઠ અને શક્તિશાળી સેવક બનો તેવી શુભ ભાવનાસહ, આશીર્વાદ

ૐ મા ૐ

(૮) **જન્માષ્ટમી**

પૂજ્ય રાજયોગીજી — તા. ૧૬-૮-૦૬

## સામાજિક સ્વાસ્થ્ય સુધારીએ

*વ્હાલા કૃષ્ણ પ્રેમીઓ,*

જન્માષ્ટમીના પાવન પ્રસંગે મારા આપ સર્વેને જયશ્રી કૃષ્ણ. આજના પાવન પ્રસંગે દેશ-વિદેશમાં વસતા કેટલાક યુવાન ભાંઈ-બ્હેનોએ પોતાની મૂંઝવણ, પોતાની અંદર ઘૂંટાતો વણઉકલ્યો પ્રશ્ન પૂછતાં મને જણાવ્યું કે, આપણા દેશમાં, ભારતમાં અનામતનો પ્રશ્ન કેવી રીતે ઉભો થયો છે ? છૂત-અછૂતનો પ્રશ્ન હિન્દુઓમાં અને ખાસ કરીને કૃષ્ણભક્તોમાં વધારે પ્રચલિત છે. વર્ણવ્યવસ્થા કેવી રીતે શરૂ થઈ ? ઉચ્ચ શિક્ષણમાં, નોકરીમાં અનામતની પ્રથા દાખલ કરી યુવાનોમાં વિકાસની તકોને રૂંધવામાં આવે છે, યુવાનોને અન્યાય કરવામાં આવે છે. વેર, દ્વેષભાવ ઉભો કરવામાં આવે છે.

જો દરેક વ્યક્તિમાં પરમાત્માનો અંશ એવો આત્મા જ વિલસી રહ્યો હોય, દરેક વ્યક્તિનું શારીરિક બંધારણ એક સરખું હોય તો પછી આવો વર્ણ કે વર્ગવિગ્રહ શા માટે હોવો જોઈએ ? શ્રીકૃષ્ણ ભગવાન તો ક્રાંતિકારી હતા. તેમના સમયમાં તો વર્ણાશ્રમ પ્રથા ન હતી. વળી, આપશ્રી તો કૃષ્ણસખા છો અને ક્રાંતિકારી વિચારસરણી ધરાવો છે. વર્ણ વ્યવસ્થા અને સામાજિક અસમાનતા અંગે સ્પષ્ટતા કરવા વિનંતી છે.

વ્હાલા બાળકો, આજનું યુવામાનસ વૈજ્ઞાનિક સમીકરણો સાથે, વૈજ્ઞાનિક સિદ્ધાંતો સાથે જ જીવન જીવવાનો આગ્રહ રાખે છે. આપણે વૈજ્ઞાનિક અને ધાર્મિક દૃષ્ટિકોણથી જ વર્ણ વ્યવસ્થા સમજવાનો પ્રયત્ન કરીએ.

**ભારતમાં, હિન્દુ સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર. આ ચાર વર્ગોમાં સમાજ વહેંચાયેલો છે. આ એક સામાજિક વ્યવસ્થા છે. આમાં કોઈ વર્ગ ઊંચો અને કોઈ વર્ગ નીચો તેવો ભાવ હતો નહિ. સાંપ્રત સમયમાં આ વર્ગ વ્યવસ્થામાં ગેરસમજણ ઉભી કરવામાં આવી છે. જન્મ અનુસાર વર્ગ વહેંચાયો છે. જે પહેલાં કર્મ અનુસાર હતો. ક્ષુદ્ર સમાજ કર્મ અનુસાર ગણાતો હતો. જે અત્યારે નિમ્ન સ્તરનો વર્ગ ગણવામાં આવે છે. શ્રમજીવી વર્ગને આર્થિક રીતે પણ ગરીબ ગણવામાં આવે છે. શ્રમજવી વર્ગને આર્થિક રીતે પણ ગરીબ ગણવામાં આવી રહ્યો છે, અને વર્ગ વિગ્રહ ઉભો થઈ ગયો છે. આ વર્ણવ્યવસ્થાનો રાજકીય ગેરલાભ ઉઠાવવામાં આવી રહ્યો છે. જે એક દુ:ખદ અને શરમજનક ઘટના છે.**

પરમાત્માએ જ્યારે માનવયોનિ ઉત્પન્ન કરી ત્યારે આવી વર્ણવ્યવસ્થાની ગેરસમજ

નહોતી. દરેક વ્યક્તિના સ્વભાવ, કર્મ, બુદ્ધિ અને શારીરિક ક્ષમતા અનુસાર વર્ણવ્યવસ્થા કરી હતી. વર્ણ વ્યવસ્થા એક સામાજિક રચના છે. તેમાં અછૂતની કે નિમ્ન કક્ષાનો ભાવ અસ્તિત્વમાં જ નહોતો.

શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનના રથના સારથી બન્યા હતા. રાજવંશી હોવા છતાં તેમને કોઈ નાનમ લાગી ન હતી. ગરીબ સુદામાનો મિત્રભાવે આદર કરીને સુદામાનો જે સત્કાર કર્યો, લાલન-પાલન કર્યું અને પ્રેમ પ્રદર્શિત કર્યો તે અજોડ મિત્રતાના દર્શન કરાવે છે. શ્રીકૃષ્ણ માટે ગરીબ-તવંગર કે ઊંચ-નીચનો કોઈ જ ભાવ નહોતો. શ્રી રામજીએ શબરીના એંઠા બોર આરોગ્યા હતાં.

શ્રીકૃષ્ણ ભગવાનના જમાનામાં વર્ણવ્યવસ્થા આ પ્રમાણે હતી.

<u>બ્રાહ્મણ</u> તેને કહેવાય, જે જ્ઞાની, બુદ્ધિશાળી હોય, સમાજને પોતાનું જ્ઞાન, બુદ્ધિ પ્રદાન કરે. વ્યક્તિનો સર્વાંગી વિકાસ કરવામાં પોતાનું જ્ઞાન અને બુદ્ધિ પ્રદાન કરે. જ્ઞાન, બુદ્ધિનું વ્યાપારીકરણ થતું ન હતું.

<u>ક્ષત્રિય</u> તેને કહેવાય, જે શારીરિક અને બૌદ્ધિક ક્ષમતા ધરાવે. સમાજનું રક્ષણ કરવાની જવાબદારી લે અને અદા કરે. સમાજ અને રાષ્ટ્રની સુરક્ષાને પોતાના ધર્મ-ફરજ સમજે.

<u>**વૈશ્ય**</u> તેને કહેવાય, જે વ્યાપાર કરે, ખેતી કરી અનાજ ઉત્પન્ન કરે, સમાજ અને રાષ્ટ્રની આર્થિક વ્યવસ્થા કરે, સમાજ અને રાષ્ટ્રને સમૃદ્ધ કરવામાં પોતાનું યોગદાન આપે.

<u>**ક્ષુદ્ર**</u> કે સેવક કે શ્રમજીવી તેને કહેવાય, જેનામાં સેવાની ભાવના હોય, શ્રમ કરવાની ક્ષમતા હોય, સમાજની સર્વ પ્રકારે સેવા કરવાની ભાવના હોય. સમાજનું સ્વાસ્થ્ય અને સ્વચ્છતા જાળવવાની જવાબદારી અદા કરે.

સમાજના આ ચાર અંગો એકબીજાનાં પૂરક છે. એક અંગની પણ ઉપેક્ષા કે અવગણના થાય તો સમાજની વ્યવસ્થા ખોટવાઈ જાય. સમાજનું સ્વાસ્થ્ય કથળી જાય. સમાજની શક્તિ અને સ્વાસ્થ્ય ઉપર જ રાષ્ટ્રનો વિકાસ આધાર રાખે છે. દરેક વ્યક્તિ અને કુટુંબના સુખ, શાંતિનો આધાર પણ સમાજના પ્રત્યેક વર્ગના સાથ, સહકાર અને સમત્વભાવ પર આધાર રાખે છે.

**કર્મ અનુસાર ગોઠવાયેલી વર્ણ-વર્ગ વ્યવસ્થા જન્મ અનુસાર ગેરસમજથી ગોઠવાઈ ગઈ છે, અને તેને ધર્મનું પીઠબળ આપીને છૂત અછૂતનો પ્રશ્ન ઉભો કર્યો છે. પરમાત્માના આપણે સહુ બાળકો છીએ. ઊંચ-નીચનો ભાવ પરમાત્માના પ્રદેશમાં, આધ્યાત્મિક જગતમાં પ્રવેશી શકે જ નહિ, હોઈ શકે જ નહિં.**

માનવ શરીરની રચના કરીને માનવ શરીરમાં જ પરમાત્માએ ચાર વર્ણો - બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય અને ક્ષુદ્રની વ્યવસ્થા કરી છે.

(૧) મસ્તક : મગજ - જેમાં જ્ઞાન, બુદ્ધિ ભરેલાં છે અને મગજ દ્વારા જ તેનો વિકાસ કરી શકાય છે. માટે આ વિભાગને બ્રાહ્મણ કહેવાય.

(૨) બે ભુજાઓ અને છાતીનો ભાગ છે કે, જેમાં શક્તિ, ખમીર અને શૌર્ય ભરેલાં છે, શરીરના કોઈપણ ભાગનું રક્ષણ કરવા તે સક્ષમ છે. આ ભાગને ક્ષત્રિય કહેવાય.

(૩) ઉદરનો ભાગ છે જેમાં ખોરાકનું પાચન થાય છે અને શરીરના વિભિત્ર ભાગોને પોષણ પૂરું પાડે છે. શરીરના આ ભાગને વૈષ્ય કહેવાય.

(૪) કમરથી નીચેનો ભાગ આખા શરીરની સેવા કરે છે. શરીરને યાત્રા કરાવવાનું, શુદ્ધ વાતાવરણમાં લઈ જવાનું, તાજગી બક્ષવાનું કાર્ય પગ દ્વારા જ થાય છે. આ વિભાગ શરીરના સેવક છે.

આ ચારે વિભાગના સાથ અને સહકારથી જ શરીરનું સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. શરીરના પ્રત્યેક વિભાગનો વિકાસ સાધી શકાય છે.

જેવી શરીરની વ્યવસ્થા છે તેવી જ સમાજની વ્યવસ્થા છે.

સાંપ્રત સમયમાં સમાજનું સ્વાસ્થ્ય કથળી ગયું છે. તેનું મુખ્ય કારણ સમાજ વ્યવસ્થા ખોટવાઈ ગઈ છે. જન્મ પ્રમાણે કર્મ વ્યવસ્થાને કારણે સેવક વર્ગ ઉપેક્ષિત બનતો ગયો છે, જ્ઞાતિ જાતિના ભેદભાવ વધવા લાગ્યા છે. છૂત - અછૂત, અસ્પૃશ્યતાનું એક દૂષણ સમાજમાં પ્રવેશી ગયું છે. શારીરિક શ્રમને નિમ્ન કક્ષાનો ગણવામાં આવે છે જેથી આર્થિક અસમાનતા પ્રવર્તતી ગઈ. અજ્ઞાનતા, અશિક્ષણ અને અંધશ્રદ્ધાએ આ સેવક વર્ગને ભરડામાં લીધો અને અન્ય વર્ગોમાં - (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય) ક્ષુદ્ર - સેવક વર્ગ માટે ઉપેક્ષાનો ભાવ પ્રગટાવ્યો.

બધા જ વર્ગોમાં સેવા, સહકાર અને સમષ્ટિના કલ્યાણની જગ્યાએ અહમ્, સ્વાર્થ અને ઉપેક્ષિતતાનો ભાવ ભળ્યો તેથી સમાજનું સ્વાસ્થ્ય કથળ્યું. સામાજિક અવ્યવસ્થા, અરાજકતા, અસંતોષ, અવિશ્વાસ અને અસુરક્ષિતતાએ જન્મ લીધો. વર્તમાન રાજ્યકર્તાઓએ પોતાનો સ્વાર્થ સાધવા માટે તેમજ ઉપેક્ષિત વર્ગને આર્થિક સદ્ધરતા આપવા માટે અનામતનું દૂષણ દાખલ કરી સામાજિક અવ્યવસ્થામાં વધારો કર્યો.

અર્વાચીન યુગમાં રાજાઓ, રાજકર્તાઓ, ન્યાયી અને નિ:સ્વાર્થી હતા. ધર્મગુરુઓ, સંતોનું માર્ગદર્શન, સલાહ સૂચન લઈને જ રાજ્ય ચલાવતા અને કાયદા કાનૂનમાં ફેરફાર કરતાં હતા. ફરજ, કર્તવ્યને જ ધર્મ ગણવામાં આવતો હતો. સાંપ્રદાયિક કે જાતીય

અસહિષ્ણુતા ન હતી. દરેક વર્ગ પોતાની ક્ષમતા અનુસાર પોતાની ફરજ નિભાવતો હતો.

વર્તમાન યુગમાં રાજકર્તાઓમાં સામાજિક અસંતુલન વધી ગયું છે. ધર્મને સંપ્રદાયના રૂપમાં જ સમજવામાં આવે છે. બિનસાંપ્રદાયિકતાના ઓઠા હેઠળ ધર્મગુરુઓ, સંતો, સજ્જનોની સલાહ, સૂચન, માર્ગદર્શન લેવામાં આવતા નથી. દેશમાં આર્થિક વિકાસ થયો હોવા છતાં પણ સમાજમાં આર્થિક અસમાનતા વધી ગઈ છે. ધનિક અને ગરીબ વર્ગ વચ્ચેની બુદ્ધિશાળી અને શ્રમજીવી વર્ગ વચ્ચેની ખાઈ વધી ગઈ છે; જેને કારણે અરાજકતા, અનૈતિકતા, લૂંટફાટ અને આતંકવાદ જેવા અનિષ્ટ તત્ત્વોનું પ્રમાણ વધી ગયું છે.

જન્માષ્ટમીના પાવન પર્વે આપણે જો શ્રીકૃષ્ણ ભગવાનને અંતરના ઊંડાણથી પ્રેમ કરતાં હોઈએ અને તેમને આપણા હૃદયસિંહાસન પર વિરાજીત કર્યા હોય તો તેમના ક્રાંતિકારી વિચારોને, ક્રાંતિકારી આચરણને અને આદર્શોને આપણા જીવનમાં અને વ્યવહારમાં અપનાવવા જોઈએ.

સાંપ્રદાયિક સહિષ્ણુતા, જાતિય સમાનતા, સર્વધર્મ સમભાવને અપનાવીએ, વર્ગ વિગ્રહના દૂષણને દૂર કરી સમાજનું સ્વાસ્થ્ય સુધારવાનો સંકલ્પ કરી તે પ્રમાણે અનુસરીએ.

**મારા આપ સર્વે આશીર્વાદ છે.**

ૐ મા ૐ

## સદ્‌ગુરુ વંદના

*હેમંતભાઈ ઉપાધ્યાય* — *"ગુરુપૂર્ણિમા - ૨૦૦૬"*

ગુરુના ગુરુ સદ્‌ગુરુ છો તમે તો, તમે માતના બાળ છો સદ્‌ગુરુતો,
વિષમ વ્હાલના છો વળી સદ્‌ગુરુતો, પરમનું સકળ પ્રિય છો સદ્‌ગુરુતો.

તમે શુદ્ધને બુદ્ધ છો સદ્‌ગુરુતો, નિરંજન સદાકાળ છો પણ તમે તો,
છો રાજવી માતના રાજ પણતો, સખા કૃષ્ણના સદ્‌ગુરુ છો તમે તો.

મિઠાશ છો માતની સદ્‌ગુરુતો, હે લાડકા લાલ છો સદ્‌ગુરુતો.
ત્યજી મોહ, નિદ્રા જગતમાં તમે તો, સંસારી - સંન્યાસી છો સદ્‌ગુરુતો

સર્જક તમે છો, પાલક તમે છો, વિસર્જક વળી સદ્‌ગુરુ છો તમે તો.
કર્યો વાસ જેણે સદા માત ચરણે, નમુ રાજ તે સદ્‌ગુરુ છો તમે તો.

હે પ્રેમમૂર્તિ ! છો દિલબર તમે તો, બિરાજતાં દિલે થઈને ચાહત તમે તો,
ધરીને દીવો સ્નેહનો કાળી રાતે, ઉજાળો જીવનપંથ સહુના તમે તો.

(૯) **ગુરુપૂર્ણિમા**

*પૂજ્ય રાજયોગીજી* *તા. ૧૧-૭-૦૬*

## કર્મયોગી બનીએ

*પરમના વ્હાલા પ્રેમીજનો,*

ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે મારા આપ સર્વેને આશીર્વાદ છે. આપના આધ્યાત્મિક પંથની જીવનયાત્રામાં આપે મને આપના પથપ્રદર્શક, માર્ગદર્શક અને સદ્‌ગુરુપદે સ્થાપીને, આપના હૃદયમાં ભાવભીનું સ્થાન તો આપ્યું છે પરંતુ મારો પ્રેમભાવ, મારી પ્રસન્નતા અને મારા આદર્શો અને અપેક્ષાઓને પણ આપે સમજવા અને અપનાવવા તો પડશે જ ને !

આપનું જીવન પ્રકાશના પંથે જ પ્રયાણ કરે, ઉર્ધ્વગામી બને, શારીરિક, બૌદ્ધિક અને ભૌતિક સંપત્તિના વિકાસની સાથે સાથે આપનો આધ્યાત્મિક વિકાસ થાય તેવી મારી ઈચ્છા છે, મારી ભાવના છે. આપનો વ્યક્તિગત સર્વાંગી વિકાસ થાય તો જ કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને સમષ્ટિનું શ્રેય સાધી શકાય. મારે આપને પરમના પ્રેમી બનાવવા છે. પરમની સૃષ્ટિના ચમકતા તારલા બનાવવા છે. આપનો સહયોગ અને પુરુષાર્થ ભળશે તો જ મારી ઈચ્છા પરિપૂર્ણ થશે.

ગભરાશો નહિ, તમે જે સ્થાને જે કક્ષાએ અને જે પરિસ્થિતિમાં જીવન વહાવી રહ્યાં છો ત્યાંથી જ આપણે ક્રમશઃ એક એક ડગ-કદમ મક્કમ રીતે પાડીને જ આગળ વધવાનું છે. જીવન અને જીવનના ધ્યેયને સમજવાનું છે. માત્ર જીવનને સાર્થક કરવાનું છે.

જુઓ, હું નથી પંડિત કે પંડિતાઈ કરી શકું,
નથી જ્ઞાન શાસ્ત્ર, ઉપનિષદ કે વેદાંતનું,
ન જાણું વ્યાખ્યાંતર તણી ભાષા,
જાણું છું ફક્ત માત તણી ભાષા.

પહેલાં આપણે સ્પષ્ટ સમજી લઈએ કે પરમના પ્રીતિપાત્ર બનવા માટે, પરમની નિગાહમાં રહેવા માટે, પરમની સૃષ્ટિના ચમકતા તારલા બનવા માટે આપણે શું કરવું જોઈએ ? તમને લાગશે કે આ બહુ મોટી અને ગહન વાત છે, પરંતુ ગભરાવવાની જરૂર નથી.

"પરમાત્મા મારી સાથે જ છે,

હું એકલો - એકલી નથી" તેવો ભાવ અને દૃઢ સંકલ્પશક્તિ કેળવવાથી અવરોધો અટકી જશે, આગળ વધી શકાશે, સાત્ત્વિક પુરુષાર્થ કરવાની પ્રેરણા મળી રહેશે. દૃઢ મનોબળ, શિસ્ત, સંયમ અને વિવેકથી વિકાસના પંથે પ્રયાણ કરવાનો પ્રારંભ કરીએ.

માનવ જીવન એટલે જન્મથી મૃત્યુપર્યંતની યાત્રાનો સમય. સમયના પ્રવાહમાં, શ્વાસના વીંઝણાની સાથે જીવન ગતિ કરે છે. સુખ, દુઃખ, શાંતિ, અશાંતિ, પ્રસન્નતા,

ગ્લાનિ જેવા વિવિધ દ્વંદોની અનુભૂતિ જીવનકાળ દરમિયાન થતી રહે છે. સદાય આનંદ, પ્રસન્નતા અને સુખનો માહોલ સર્જાતો રહે, અનુભવાતો રહે તેવો પ્રયત્ન આપણે કરતાં રહીએ છીએ.

જીવનની અમુક ક્રિયાઓ સ્વયમ્ સંચાલિત છે, અમુક ક્રિયાઓ પ્રકૃતિજન્ય છે, જેવી કે, શ્વસનક્રિયા, પાચનક્રિયા, ઉત્સર્ગક્રિયા, ભૂખ લાગવી, જમવું, તરસ લાગવી, પાણી પીવું વગેરે પ્રકૃતિ સાથે વણાયેલાં છે. જીવનને ધબકતું, સરકતું રાખવા માટે સ્વયમ્ સંચાલિત ક્રિયાઓની આવશ્યકતા છે. જો સ્વયમ્ સંચાલિત ક્રિયાઓમાં અવરોધ આવે તો જીવનયાત્રા વસમી બની જાય છે.

પ્રાણીઓ, પશુ-પંખીઓ અને અન્ય જીવો પોતાના ખોરાક મેળવવા માટે હિંસા આચરે છે. જે ક્રિયા તેમની પ્રકૃતિજન્ય ક્રિયા છે. આવી પ્રકૃતિજન્ય ક્રિયાઓ શરીર અને ઈન્દ્રિયો દ્વારા જ થાય છે. તેમાં મન કે ઈચ્છા ભળતા નથી. દરેક વ્યક્તિ ક્રિયા તો કરે જ છે. જીવનના ધબકારની સાથે જ ક્રિયાઓ શરૂ થઈ જાય છે.

ક્રિયા કર્મ ક્યારે બને ?

જે ક્રિયાઓમાં શરીર અને ઈન્દ્રિયોની સાથે મન, બુદ્ધિ અને હૃદયનો ભાવ ભળે ત્યારે તે ક્રિયા કર્મ બની જાય છે. ભૂખ લાગે છે અને જમવું તે ક્રિયા છે પરંતુ જરૂરિયાત કરતાં સ્વાદ લાગ્યો કે ગમતી વાનગી વધારે જમવી, ભોજનમાં આસક્તિનો રાગનો ભાવ ભળ્યો એટલે જમવાની ક્રિયા કર્મ બની ગઈ. તરસ લાગે એટલે પાણી પીએ તે સહજ ક્રિયા છે પરંતુ મોહવશ ઠંડાપીણા, આઈસ્ક્રીમ કે અન્ય પીણું પીવાથી તૃષાની સહજ ક્રિયા કર્મ બની જાય છે.

**આપણું કર્મ એ બીજ છે. દરેક બીજને ઉગવાની અને પાકવાની પ્રક્રિયા અને સમય જુદા જુદા હોય છે. બીજ પરિપક્વ થયા પછી જ ફળ આપે છે. આપણા જુદા જુદા કર્મોના પરિણામનો સમય પણ જુદો જુદો હોય છે. કોઈક કર્મ તાત્કાલિક પરિણામ આપે તો કોઈક કર્મ અમુક સમય પછી, વર્ષો પછી કે જન્મો પછી પાકે ને ફળ આપે.**

કર્મ એટલે શું ?

કર્મ એટલે આપણી ફરજ, આપણો ધર્મ. આપણે કોઈપણ ક્ષેત્રમાં હોઈએ, ગૃહસ્થથી માંડીને વ્યવસાયના, વેપારના કે શિક્ષણના ક્ષેત્રમાં હોઈએ, રાષ્ટ્રની રક્ષા કાજે ફરજ નિભાવવાની - બજાવવાની હોય, આપણે આપણી ફરજ પૂરી નિષ્ઠાથી, સજાગતાથી, વિવેકપૂર્વક, જવાબદારીપૂર્વક અને પૂરા પુરુષાર્થથી બજાવીએ ત્યારે તે કર્મનું પરિણામ કે ફળ સુખદાયી, લાભદાયી અને સંતોષકારક જ હોય છે.

અપેક્ષિત - ફળ - પરિણામ માટે કર્મનું આયોજન

કોઈપણ કર્મ શરૂ કરતાં પહેલાં તેનું આયોજન - પ્લાનીંગ કરવું જરૂરી છે. આયોજન

કરતી વખતે જ અપેક્ષિત પરિણામ નક્કી કરી લેવું જોઇએ. આપણી શારીરિક, બૌદ્ધિક, આર્થિક અને ભૌતિક ક્ષમતાને લક્ષમાં રાખીને જ કાર્યનું આયોજન કરવું જોઈએ, અને તે પ્રમાણે જ પરિણામની અપેક્ષા રાખવી જોઈએ.

આયોજન પ્રમાણે કાર્યના આરંભથી પૂર્ણાહુતિ સુધી પ્રમાણિકપણે સંપૂર્ણ શ્રદ્ધા અને પુરુષાર્થથી, એકાગ્રચિત્તે કાર્ય કરવું જોઈએ. ફળની ચિંતામાં અને મનને વિભાજીત કરવું નહીં.

આત્મવિશ્વાસને ક્યારેય ડગવા દેવો નહિ. કર્મ કરતી વેળાએ પરિણામને નહિ પરંતુ પરમાત્માને જ કેન્દ્રમાં રાખીને પૂરી નિષ્ઠાથી કર્મ કરવાથી ઉત્તમ પરિણામ મેળવી શકાય છે.

કાર્ય પૂર્ણ થઈ ગયા પછી પરમાત્માને અર્પણ કરી જે કંઈ પરિણામ આવે કે ફળ મળે તેને પરમની પ્રસાદી સમજીને પ્રસન્ન વદને તેનો સ્વીકાર કરી લ્યો, અપેક્ષા કરતાં પરિણામ વધારે સારું કે ઓછું આવે તો માનસિક સમતુલા જાળવી રાખવી જોઈએ. પરમાત્માની મરજીને જ સર્વોપરી ગણીને પ્રસન્નતા જાળવી રાખવી જોઈ.

વિદ્યાર્થી હોય કે વેપારી, દરેક વ્યક્તિને પોતાના કર્મોનું પરિણામ ઉત્તમ કોટિનું જ આવે તેવી અપેક્ષા તો હોય જ. ફળની અપેક્ષા રાખવાનો અધિકાર કર્મ કરનાર વ્યક્તિને હોય જ એ સ્વાભાવિક છે. કર્મ કરતી વખતે દરેક તબક્કે આપણે આપણા કર્મનું, આયોજન મૂલ્યાંકન - ઈવેલ્યુએશન કરવું જોઈએ. કાર્ય અધૂરું લાગે કે અટકી જવાય ત્યારે પરમાત્માની સાથે અનુસંધાન સાધી, પ્રાર્થના દ્વારા પ્રેરણા, માર્ગદર્શન મેળવો.

"God is with me,
He is gaieting me
I am not alone."

આવો ભાવ મનમાં સતત રાખવાથી પરમાત્મા આપનો પડછાયો બની આપની રક્ષા કરશે, માર્ગદર્શન કરશે, સહાય કરશે.

કર્મના ત્રણ ઘટકોનો પ્રભાવ :

**આપણે જ્યારે કર્મ કરીએ છી ત્યારે આપણા ત્રણ ઘટકો શરીર, હૃદય અને મસ્તક કાર્યાન્વિત થાય છે. આ ત્રણે ઘટકોની માત્રા દરેક વ્યક્તિમાં એકસરખી ન હોય.**

**શરીરના ઘટકની માત્રા પ્રબળ હોય તો વ્યક્તિ કર્મપ્રધાન શ્રમજીવી બને.**

**હૃદયના ઘટકની માત્રા પ્રબળ હોય તો વ્યક્તિ લાગણીપ્રધાન બને.**

**મસ્તકના ઘટકની માત્રા પ્રબળ હોય તો વ્યક્તિ બુદ્ધિપ્રધાન બને.**

**કર્મ પ્રધાન વ્યક્તિ હંમેશા કર્મમાર્ગને જ પ્રાધાન્ય આપે. લાગણીપ્રધાન વ્યક્તિ હંમેશા ભક્તિ માર્ગને અપનાવે, બુદ્ધિપ્રધાન વ્યક્તિ હંમેશા જ્ઞાન માર્ગને અપનાવે.**

કોઈપણ વ્યક્તિમાં એક ઘટક પ્રબળ હોય તો પણ બીજા બે ઘટકોની જરૂર તો તેમાં

પડે જ છે. બીજા બે ઘટકોના સાથ-સહકાર વગર વ્યક્તિ કોઇપણ માર્ગમાં આગળ વધી શકે જ નહિ, વિકાસ સાધી શકે નહિં, આ ત્રણે ઘટકો "હેન્ડ, હાર્ટ અને હેડ" વ્યક્તિમાં જન્મજાત હોય છે. આ ઘટકોને વિકસાવી શકાય પરંતુ જીવનકાળ દરમિયાન ઉપજાવી કે ઉત્પન્ન કરી શકાય નહિ.

શ્રમજીવી વ્યક્તિનો કર્મમાર્ગ એ આમ જનતાનો સહજ અને સરળ માર્ગ છે. કોઈપણ વ્યક્તિ માટે સહેલાઈથી અપનાવી શકાય તેવો માર્ગ છે. આપણે આ માર્ગ અપનાવીને કર્મયોગી બનવા પ્રયત્ન કરવાનો છે.

સાત્ત્વિક કર્મ કોને કહેવાય ?

આપણા કામમાં સ્વાર્થનો ભાવ ભળે અને સમષ્ટિના કલ્યાણનો ભાવ ભૂલાઈ જાય ત્યારે તે કર્મ અસાત્વિક બને. રાગદ્વેષ, લોભ, લાલચ, ઈર્ષ્યા, નિંદા, હિંસા અને કપટના અશુદ્ધ ભાવથી ફરજ નિભાવવામાં આવે, કામચોરી, સમયચોરી અને સાધન ચોરી કરીને કામ કરવામાં આવે, પોતાના જ લાભ માટે વ્યક્તિ કર્મ કરે તે કર્મ અસાત્ત્વિક - પાપકર્મ બની જાય.

પોતાની પાસે, શારીરિક, બૌદ્ધિક, આર્થિક અને અન્ય ભૌતિક સંપત્તિ, સુવિધા, સાધનો હોવા છતાં પણ વ્યક્તિ અહમ્, આળસ, પ્રમાદ કે અન્ય કારણોસર પોતાની શક્તિ, સંપત્તિ, બુદ્ધિ અને જ્ઞાનનો ઉપયોગ સમષ્ટિના કલ્યાણ માટે ન કરે અને ફક્ત પોતાનો જ સ્વાર્થ સજાવ્યા કરે તો તેવું કર્મ પણ અસાત્વિક કર્મ બને છે.

કર્મ બંધનકર્તા ક્યારે બને ?

આસક્તિ સહિત, ફળની લોલુપતા સાથે કરેલું કોઈપણ સાત્વિક કે અસાત્વિક કર્મ કર્મ કરનાર વ્યક્તિ માટે બંધનકર્તા બને છે. કર્મથી નિપજેલું પરિણામ કે ફળ વ્યક્તિએ જાતે જ ભોગવવું પડે છે.

સાત્વિક કર્મનું ફળ સુખ સુવિધા, સંપત્તિ આપે અને અસાત્વિક કર્મનું ફળ દુઃખ, અસુવિધા, દરિદ્રતા આપે.

કર્મફળ કે કર્મનું પરિણામ કેવી રીતે મળે અને ક્યારે ભોગવાય ?

કર્મ ત્રણ પ્રકારે ફળ આપે છે.

૧. ક્રિયમાણ કર્મ – જે કર્મ કરતાંની સાથે જ કર્મનું ફળ મળી જાય છે. દા.ત. : કામ કર્યું અને વેતન મળી ગયું. ઈન્ટરવ્યૂ આપ્યો અને નોકરી મળી ગઈ. પરીક્ષામાં ચોરી કરી. પકડાઈ ગયા, અને પરીક્ષામાંથી કાઢી મૂક્યા.

કર્મ કરતાંની સાથે જ પરિણામ મળી જાય છે, ફળ અનુભવી શકાય છે.

સંચિત કર્મ – કેટલાંક કર્મોનું ફળ વર્તમાન જીવન કાળ દરમિયાન જ પરંતુ અમુક દિવસો, મહિનાઓ કે વર્ષો પછી મળે છે. દા.ત. માર્ચ મહિનામાં પરીક્ષા આપી અને વિદ્યાર્થીને તેનું પરિણામ જૂન માસમાં મળે છે.

ખેડૂત ખેતરમાં અનાજ કે શાકભાજી, ફળ, ફૂલ વિગેરેના બીજ વાવે અને અમુક સમય પછી જ ક્રમશઃ પરિપક્વ થયા પછી જ પાકે છે.

શ્રવણના માતાપિતાનો શ્રાપ, દશરથ રાજાને રામજીના વનવાસ વેળાએ, તેમના જીવનકાળ દરમિયાન જ ભોગવવો પડ્યો હતો. રામજીના વિયોગમાં મૃત્યુ પામ્યા હતા.

આમ કર્મ કર્યા પછી તે કર્મ સંચિત થઈને રહે છે. ક્રમશઃ તેમાં વિકાસ અને પરિવર્તન થયા પછી સમયાંતરે પરિણામ આપે છે.

પ્રારબ્ધ કર્મ – કેટલાક કર્મોનું ફળ આ જીવનકાળ દરમિયાન પાકે નહિ, પરંતુ વર્તમાન જીવન સમાપ્ત થયા પછી એક કે અનેક જન્મો પર્યંત ક્રમશઃ પાકતું જાય, પરિણામ મળતું જાય અને ભોગવાતું જાય. જન્મજન્માંતરથી સંચિત થયેલા સાત્વિક અને અસાત્વિક કર્મો વ્યક્તિનું પ્રારબ્ધ નિર્માણ કરે છે. આ જન્મમાં અને વર્તમાન જીવનકાળ દરમિયાન આપણને કોઈપણ જાતના પુરુષાર્થ વગર ધનસંપત્તિ, સગાં-સહોદર, શારીરિક, સ્વાસ્થ્ય સંપત્તિ, બૌદ્ધિક અને આધ્યાત્મિક સંપત્તિ મળી છે. અને અનાયાસે મળતી રહે છે. તે આપણા પ્રારબ્ધ કર્મનો જ પરિપાક છે. દા.ત. એક જ માતા પિતાના બાળકોને ઉછેર, સંસ્કાર અને સગવડો એક સરખાં હોવા છતાં જીવનકાળ દરમિયાન બાળકોના શારીરિક, બૌદ્ધિક, આર્થિક અને આત્મિક વિકાસ તેના પ્રારબ્ધ કર્મ અનુસાર જ થાય છે.

ભિષ્મ પિતામહ ને બાણશૈયા પર સૂઈ રહીને પ્રાણ ત્યાગ કરવાનું દુઃખ ભોગવવું પડ્યું હતું. અગાઉના તોંત્તેર જન્મના કર્મનું ફળ આ જન્મે, આ સમયે પરિપક્વ થતાં બાણશૈયા પર સૂઈ રહીને ભોગવવું પડ્યું હતું.

રાવણ અને વિભિષણ સગાં ભાઈઓ હોવા છતાં એક રામનો શત્રુ અને બીજો રામભક્ત બન્યો. સાત્વિક કર્મ હોય કે અસાત્વિક કર્મ, કર્તાએ કર્મનું ફળ તો ભોગવવું જ પડે છે, સાત્વિક કર્મ સુખી પ્રારબ્ધ અને અસાત્વિક કર્મ દુઃખી પ્રારબ્ધ નિર્માણ કરે છે.

મનુષ્ય જન્મમાં જ આપણે પ્રારબ્ધ ભોગવીએ છીએ અને પ્રારબ્ધનું નિર્માણ પણ કરી શકીએ છીએ. કારણ કે મનુષ્યમાં બુદ્ધિનો વિકાસ થયેલો છે. તેથી સારા-નરસાંનો વિવેક જાળવી શકે છે. મનુષ્યેત્તર અન્ય પશુ-પંખી, પ્રાણીઓ, જીવજંતુઓ, તેમના જીવનકાળ દરમિયાન તેમનું પ્રારબ્ધ ભોગવે છે. વર્તમાન જીવનનું કર્મ તેમનું પ્રકૃતિજન્ય, સ્વભાવગત હોય છે. તેથી વર્તમાન જન્મનું કર્મ બંધનકર્તા નથી.

કર્મ બંધનમાંથી કેવી રીતે મુક્ત થવાય ?

**કર્મ બંધનમાંથી મુક્ત થવા માટે આપણા સાત્વિક કર્મમાંથી, અહમ્, આસક્તિની બાદબાકી થઈ જાય ત્યારે જ આપણું કર્મ બંધનમુક્ત - યોગયુક્ત બની જાય. સ્વનો સંબંધ કર્મમાંથી છૂટી જાય અને પરમાત્માની પ્રીતિ અર્થે જ કર્મ થાય. પરમાત્મા સાથે જોડાઈ જવાય. કર્તાભાવ ઓગળી જાય, પરમાત્મા માટે જ અને પરમાત્મા થકી જ કર્મ થાય છે. આપણે એક સાધન માત્ર છે તેવો ભાવ કર્મ કરતી**

**વેળા અને અહર્નિશ અનુભવાય ત્યારે જ કર્મબંધનમાંથી છૂટી શકાય, મુક્ત થઈ શકાય, મુક્ત રહી શકાય.**

પરમાત્મા માટે જ કર્મ કરવાની ભાવના સમસ્ત અસ્તિત્વમાંથી જાગે અને તે ભાવના સાથે જ ફરજ નિભાવાય ત્યારે જ કર્મયોગ બની જાય, યજ્ઞ બની જાય, કર્તા ફક્ત સાધન માત્ર, નિમિત્ત માત્ર જ બની રહે. આવો અનાસક્ત ભાવ કેળવાય ત્યારે જ કર્મબંધનમાંથી છૂટી શકાય.

સાત્વિક કર્મ કરતી વખતે આપણે આટલી સતર્કતા સજાગતા કેળવીએ –

(૧) "મારો અહમ્, સ્વાર્થ મારા કર્મોમાં ભળ્યો નથી."

(૨) મારું સાત્ત્વિક કર્મ કેવળ પરમાત્માની પ્રીતિ અર્થે અને સમષ્ટિના કલ્યાણ માટે જ થાય છે.

(3) મારું પ્રત્યેક કર્મ પરમાત્માની પૂજા અર્થે જ થાય છે.

આવી ઉદાત્ત ભાવના સાથે બાળસહજ નિર્દોષતા, નિર્મળતા વ્યક્તિમાંથી નિખરવી જોઈએ. પરમાત્મામાં જ પોતાના અસ્તિત્વને ઓગાળી નાખીને સર્વત્ર અને સર્વમાં પરમની ઉપસ્થિતિ અનુભવાય, પોતાના જીવનની સર્વ ક્રિયાઓ પરમાત્મા માટે જ કરતી ક્રિયાઓ અનુભવાય, માલિકભાવ મટીને દાસભાવ, બાળભાવ ઉદ્ભવે ત્યારે જ કર્મબંધનમાંથી છૂટી શકાય. કર્મયોગી બની શકાય.

ચાલો આજથી જ અને અત્યારથી જ આપણે આપણા કર્મોને યોગ બનાવવાનો દૃઢ સંકલ્પ કરીએ અને કર્મયોગી બનવાનો પુરુષાર્થ કરીએ. પરમાત્માની સૃષ્ટિના ચમકતા તારલા બનીએ.

૧. પરમાત્માને પ્રિયહોય તેવું જ 'સ્વ'ના ઉત્કર્ષનું અને સમષ્ટિના કલ્યાણનું કામ જ કરીશું.
૨. પરમાત્મા જ મારા માલિક, માતાપિતા અને સર્વસ્વ છે પરમાત્મા માટે જ અને પરમાત્મા થકી જ કર્મ થઈ રહ્યું છે, ફરજ બજાવાઈ રહી છે, તેવો પરમની પૂજા કરવાનો ભાવ અને સતર્કતા મનમાં સતત જાગતી રાખીશું.
3. આપણું પ્રત્યેક કામ, ફરજ ધર્મ, પરમાત્માની પ્રીતિ અર્થે જ પરમની પૂજા સમજીને કરીએ.
૪. અનન્યભાવે, પૂરી નિષ્ઠાથી અને ઉત્સાહથી, પ્રસન્નતાથી કર્મ કરીએ.
૫. પરમાત્માની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારીને, એકરસ બની જઈને, આપણા કર્મોને, તાજાં મઘમઘતાં સુવાસિત ફૂલ બનાવી દઈને પરમના ચરણમાં સમર્પિત કરીએ, ગળાનો હાર બનાવી દઈએ.

આપના જીવનનું પ્રત્યેક કર્મ સાત્વિક અને યોગમય બની જાય. આપ કર્મયોગી બની જાવ અને આપનું જીવન યજ્ઞમય બની જાય તેવા આશીર્વાદ.

ૐ મા ૐ

(૧૦) **રામનવમી**

## જીવનને રામમય બનાવીએ.............

*પૂ. રાજયોગીજી* *તા. ૬-૪-૦૬*

*વ્હાલા અવધવાસીઓ,*

આજે શ્રદ્ધામાં રાજસંગે રામજન્મોત્સવ ઊજવાઈ રહ્યો છે. અવધમાં પરમાત્માનું રામજીના સ્વરૂપમાં અવતરણ થયું હતું. યુગો વીત્યા છતાં પણ રામજી લોકહૃદયમાં અંકિત થઈ ગયા છે. કોઈપણ મહાન આત્માઓ, સંતપુરૂષો, અવતારી પુરૂષોની જન્મજયંતિ ઉજવવા પાછળનો હેતુ તેમના જીવનકાળ દરમિયાનના તેમના વિચારો, કાર્યો, આદેશો અને આદર્શો થકી કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના વિકાસનો, અભ્યુદયનો સંદેશો જગતમાં પ્રસરાવવાનો છે. આવા મહાન દૈવી આત્માઓને પણ અસામાજિક તત્ત્વો, દુષ્ટ વ્યક્તિઓના દુર્વ્યવહારનો ભોગ બનવું પડે છે.

સ્વજનો સ્વજન સ્વર્ગ<br>
સ્વજનો જન જનાજો.

માતા કૈકેયી સ્વજન હોવા છતાં જે રીતનો વ્યવહાર કરી, રામજીને વનવાસ મોકલ્યા અને દશરથ રાજાનો જનાજો નીકળ્યો. જો કૈકેયીએ દાસી મંથરાની વાતને વિવેકના ગરણે ગાળી હોત, સહનશીલતા દાખવીહોત તો ઈતિહાસમાં કૈકેયીનું સ્થાન અન્ય રાણીઓની હરોળમાં રહી શક્યું હોત. અધમ અને અલ્પ બુદ્ધિવાળી મંથરાની દ્વેષયુક્ત સલાહ વેળાએ કૈકેયીએ કાચા કાનના બનવું જોઈતું નહોતું. કાન ભંભેરણીથી કેટલાયના ઘર બરબાદ થતાં, અને જીવન ઉજડતા અનુભવી શકાયાં છે.

માનવ મન ઈચ્છાઓ અને વાસનાઓનું કેન્દ્ર સ્થાન છે. સાત્ત્વિક અને અસાત્ત્વિક વૃત્તિઓના પ્રવાહો મનમાં અવિરતપણે વહેતા જ હોય છે.

કઈ વૃત્તિનો વ્યાપ વધારે કે ઓછો છે. તેનો આધાર વ્યક્તિના વર્તમાન જીવનનો સંસ્કાર વારસો, ઉછેર માટે મળેલું વાતાવરણ, શિક્ષણ, સંગતિ અને ગત જન્મોજન્મના પ્રારબ્ધ કર્મનો વારસો તેના જીવનને પ્રભાવિત કરે છે. અશુભ, અસંસ્કારી, અસાત્ત્વિક સંસ્કાર વારસો, વાતાવરણ અને દુષ્ટ સંગતિ વ્યક્તિના જીવનને અધોગતિના પંથે દોરી જાય છે.

મંથરા, કૈકેયી, ધોબી, વાલી, રાવણ, કુંભકર્ણ - આ બધા રામાયણના આસુરી, અસાત્ત્વિક પાત્રો છે. આજે કોઈ માતાપિતા પોતાના બાળકોના નામ મંથરા, કૈકયી, વાલી, કુંભકર્ણ કે રાવણ રાખતાં નથી.

આજના ઉત્સવના શ્રોતાવર્ગને, વાચક વર્ગને જણાવું છું કે, આપ આપના મનને ઢંઢોળો, મનનું પૃથક્કરણ કરો, તટસ્થ ભાવે નિરીક્ષણ કરો કે, આપનામાં ક્યાંક

**મંથરાની કાનભંભેરણી - નિંદાવૃત્તિ,**
**કૈકૈયીની - કાચા કાનની વૃત્તિ, રાગદ્વેષ અને જીદ્દી વૃત્તિ**
**ધોબીની - નિંદા વૃત્તિ**
**કુંભકર્ણની - આળસ, પ્રમાદ અને અતિશય ઉંઘણશીવૃત્તિ,**
**વાલીની - કામવૃત્તિ, વાસનાઓનો અઘટિત તૃપ્તિનો પ્રયાસ**
**રાવણની - છળ, કપટ, ચોરી, હિંસા, ઉપરાંત કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા અને અહમ્‌વૃત્તિનો વાસ છે.**

આપણા મનમાં કયું પાત્ર ઘૂસી ગયું છે, ક્યાં પાત્રનું પ્રાધાન્ય છે તેનું પરિક્ષણ તટસ્થભાવે કરવું જોઈએ.

આવા દુષ્ટ, અઘટિત પાત્રોની જમાવટ આપણી અંદર હોય તો તેને જાકારો આપવો જોઈએ, નિયંત્રણમાં રાખવા જોઈએ. કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, વેરઝેર, નાસ્તિકતા, નિંદા, અભિમાન, રાગદ્વેષ, ચોરી, હિંસા વગેરે અશુભ વૃત્તિઓ આપણા દુશ્મનો છે. આપણી અંદર રહેલા રામતત્ત્વને, સાત્ત્વિકતાને, સદ્‌ગુણોને અશુભ વૃત્તિઓના વાદળોએ ઢાંકી દીધા હોય છે, એટલે વ્યક્તિ અશિષ્ટ આચરણ કરવા પ્રેરાય છે.

આ અશુભ વૃત્તિઓને નિયંત્રણમાં રાખવી જોઈએ. વ્યક્તિએ દૃઢ મનોબળ કેળવવું જોઈએ. મનમાં ઉદ્‌ભવતા આવેગો, ઈચ્છાઓ, વાસનાઓની પૂર્તિ વિવેકના ગરણે ગાળીને પછી જ કરવી જોઈએ. ચિત્તમાં હંમેશા સદ્‌ભાવનાઓ ભરવી જોઈએ. સદ્‌ભાવના પ્રગટાવવા માટે સદ્‌ગ્રંથોનું વાંચન, સ્વાધ્યાય, સત્સંગ, સદ્‌ગુરુનું સેવન અને સેવાનો માર્ગ અપનાવવો જોઈએ.

નીતિમય જીવન, નૈતિક મૂલ્યોનું પ્રતિવાદન કરવું જોઈએ. દૈનિક ઉપાસના પ્રાર્થના દ્વારા અશુભ વિચારો, ઉદ્વેગોને મનમાં ઉદ્‌ભવતા ન દો. એવો ભાવ કરો કે "પરમાત્મા મારી સાથે જ છે. હું પવિત્ર છું, પરમાત્માની કૃપા મારા પર વરસી રહી છે, પરમાત્મા મારું માર્ગદર્શન કરી રહ્યાં છે." સ્વયમ્ પર અનુશાસન કરતાં શીખો, સત્યનો, પરમનો માર્ગ અપનાવવાથી અસત્, અશુભ વૃત્તિઓને નિયંત્રણમાં લાવી શકાશે.

આજના પાવન દિવસે દૃઢ સંકલ્પ કરો કે,

**"મારે રામ જેવા મર્યાદા પુરુષોત્તમ બનવું છે."**

**"મારી ભીતરમાં અને મારા કુટુંબમાં, રામરાજ્યની સ્થાપના કરવી છે, રામરાજ્યનો અનુભવ કરવો છે."**

"મારે ભરત જેવો ભ્રાતૃપ્રેમ, કેળવવો છે."
"મારે લક્ષ્મણ અને ઉર્મિલા જેવી સહનશીલતા અને ત્યાગનો ભાવ કેળવવો છે."
"મારે સીતા જેવી પવિત્રતા, પતિવ્રતાના ગુણો કેળવ્યા છે."
"મારે હનુમાન જેવા સંનિષ્ઠ સેવક બનવું છે."
"મારે કૌશલ્યા અને સુમિત્રા જેવા આદર્શ ઘરના વડીલ બનવું છે, સાસુના સ્વરૂપમાં 'મા' બનવું છે."
"મારે રામમય બનવું છે."

આપનો સંકલ્પ સિદ્ધ થાય તેવા આશીર્વાદ

રામે ધારણ કીધાં ધનુષ્ય બાણ રાક્ષસો સંહારવા
ઋષિમુનિઓને સુખી કર્યા, રાક્ષસોના ત્રાસથી,
રાજયોગીજીએ ધારણ કીધો, સેવાતણો સરંજામ,
જનહિતાય જનસુખાય.

--------------

ચાહે રામનવમી, ચાહે રાધાષ્ટમી,
ફરક ફક્ત એક દિન તણો,
રામનવમીના શ્રીરામ કહેવાયા મર્યાદા પુરુષોત્તમ
રાધાષ્ટમીના રાજ્યોગીજી કહેવાશે પ્રેમ પુરુષોત્તમ.

------------------

નથી ધારણ કીધો શ્રીરામે વેશ જોગીતણો,
ખુદ તપી દર્શન કરાવ્યું સ્વધર્મતણું જગતને
રાજ દીસે સંસારી સરીખા, ભેખ ધર્યો છે. માનવતાતણો
ખુદ તપી રહ્યાં છે. જગતના સંતાપ સમાવવા.

ૐ મા ૐ

**ઉપાસનાનું સાર્થક્ય એ છે કે**
**ભક્ત અને ભગવાન એકબીજા માટે**
**તરસી રહે, વરસી પડે.**
**આપણી દૈનિક ઉપાસના ચેતનવંતી રહેવી જોઈએ.**

# 75 REASONS WHY WE ♡ GURUJI
# PUJYA SHREE RAJYOGI NARENDRAJI

1. Guruji is a Saint
2. Guruji is Kind
3. Guruji is Good in all Respect
4. Guruji is Spiritualy Powerful
5. Guruji Saves us
6. Guruji is Caring
7. Guruji Makes us Happy
8. Guruji Brings Peace in our Lives.
9. Guruji Gives us Stability.
10. Guruji Gives us Confidence
11. Guruji Brightens our Lives
12. Guruji Gives us Energy
13. Guruji Gives us Knowledge
14. Guruji Frees our Souls
15. Guruji Gives us Strength
16. Guruji Lifts our Spirituality
17. Guruji is understanding
18. Guruji Guides us to the Right Path
19. Guruji Encourages us to Always Try our Best
20. Guruji Makes us a Better Person
21. Guruji is a Part of our Family
22. Guruji Inspires us Through his Teachings
23. Guruji Brings our Family Together
24. Guruji Inspires us To be Selfless

25. Guruji Inspires us To be Like Him
26. Guruji Gives us Serenity
27. Guruji Gives us Clarity
28. Guruji Loves us Unconditioinaly
29. Guruji Makes us Smile
30. Guruji Fills us with Joy.
31. Guruji Gives us Eternal Salvation.
32. Guruji is our Teacher
33. Guruji instills Good Values in us.
34. Guruji is Forgiving
35. Guruji Makes us Healthy, Wealthy and wise
36. Guruji Helps People unconditionaly in their Problems
37. Guruji Reminds us of our Indian Heritage
38. Guruji Teaches Obedience and Discipline
39. Guruji will Always be with us when we need his help
40. Guruji Lives in our Heart
41. Gujuri is Loyal to his Followers
42. Guruji is Merciful
43. Guruji Represents Truth
44. Guruji is Larger than Life
45. Guruji is Home
46. Guruji is Pure
47. Guruji is our Foundation
48. Guruji is our Friend and Guide and Everything
49. Guruji Heals the Sick
50. Guruji Travels all over the World to help People
51. Guruji Removes all Obstacles of our Life
52. Guruji Destroys Evils

53. Guruji is a Great Philosopher
54. Guruji Believes in Nonviolence
56. Guruji is Alway Positive
57. Guruji does not Criticize
58. Guruji is Gentle
59. Guruji is an Honorable Person.
60. Guruji personifies Holiness
61. Guruji Brings us from Darkness to Light
62. Guruji Helps us to be closer to 'Mataji'
63. Guruji is a good Director
64. Guruji is Devoted to the Humanitarian services
65. Guruji Listens our Prayers and Resolves our Problems
66. Guruji is very innocent like a Child
67. Guruji looks like a Royal Person
68. Guruji has a great but smooth personality
69. Guruji is Impartial
70. Guruji Respects Every Body
71. Guruji is a Revolutionary Person
72. Guruji has a simple Life Style
73. Guruji's Presence makes whole atmosphers Divine and Light.
74. Guruji is our Hero
75. Guruji is our Soul

Thakorbhai Patel's Family
and Children
Shelbyville, Tn. U.S.A.

## સમાચાર

### નૂતન વર્ષ

તા. ૨૩-૧૦-૦૬ ને સોમવાર નૂતન વર્ષ છે.

**ભાવિકોને નૂતનવર્ષાભિનંદન સહ આશીર્વાદ.**

શ્રધ્ધા કુટીરમાં પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે.

સવારે ૯-૦૦ થી ૧-૦૦ વાગ્યા સુધી.

### નિલોષા અમદાવાદમાં પૂજ્યશ્રીના કાર્યયજ્ઞ વિષે માહિતિ

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | તા. ૧૩-૧૦-૨૦૦૬ | મંગળવાર | થી | નિલોષા બંધ |
| | તા. ૨૨-૧૧-૨૦૦૬ | બુધવાર | થી | નિલોષા ચાલુ |
| | તા. ૨૧-૧૨-૨૦૦૬ | ગુરૂવાર | સુધી | |
| ૨. | તા. ૨૨-૧૨-૨૦૦૬ | શુક્રવાર | થી | નિલેષા બંધ |
| | તા. ૦૭-૦૨-૨૦૦૭ | બુધવાર | થી | નિલોષા ચાલુ |
| | તા. ૧૫-૦૨-૨૦૦૭ | ગુરૂવાર | સુધી | |
| ૩. | તા. ૧૬-૦૨-૨૦૦૭ | શુક્રવાર | થી | નિલેષા બંધ |
| | તા. ૨૬-૦૨-૨૦૦૭ | સોમવાર | થી | નિલોષા ચાલુ |

**આપણી ઉપાસના ભાવનાઓથી ભરેલી પ્રેમ લાગણીસભર, ચેતનવંતી હોય તો જ આપણા ઉપાસ્ય દેવમાં વિલસી રહેલ ચૈતન્ય તત્વને આપણે અનુભવી શકીએ. આપણા ઈષ્ટદેવની પ્રત્યક્ષ ઉપસ્થિતીનો અનુભવ કરી શકીએ, આપનું દેવસ્થાન ચેતનવંતુ બની શકે શાંતિનું ધામ - મંદિર બની શકે.**

## પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

### ઈંગ્લેન્ડ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦-૧૨-૦૬ | શનિવાર સાંજે | ૩ થી ૫ | ૯ ઓલ્ફીન | પ્રદીપ વડેરા | ૦૧૧૬૨૩૫૪૬૧૧ |
| ૩૧-૧૨-૦૬ | રવિવાર સાંજે | ૩ થી ૫ | સ્ટ્રીટ, લેસ્ટર. | પ્રદીપ વડેરા | ૦૧૧૬૨૩૫૪૬૧૧ |
| ૧૪-૦૧-૦૭ | રવિવાર સાંજે | ૩ થી ૫ | સ્ટ્રીટ, લેસ્ટર. | પ્રદીપ વડેરા | ૦૧૧૬૨૩૫૪૬૧૧ |
| ૦૬-૦૧-૦૭ | શનિવાર સાંજે | ૩ થી ૫ | વેમ્બલી લંડન | સુશીલાબેન પોપટ | ૦૨૦૮૯૦૨૩૦૨૯ |
| ૦૭-૦૧-૦૭ | રવિવાર બપોરે | ૩ થી ૫ | વેમ્બલી લંડન | સુશીલાબેન પોપટ | ૦૨૦૮૯૦૨૩૦૨૯ |
| ૧૩-૦૧-૦૭ | શનિવાર બપોરે | ૧ થી ૩ | બ્રેડફોર્ડ | મણીબેન પટેલ | ૦૧૨૭૪૫૦૨૬૬૫ |

## નૂતન વર્ષનો સંદેશ

વ્હાલા આત્મીયજનો,

જીવનને ધન્ય બનાવવા માટે

*સર્વત્ર - સર્વદા હરિની હાજરી સમજીને જ જગતમાં વ્યવહાર કરો.*
*પ્રત્યેક સર્જન અને સંહારમાં પરમના મંગલકારી હસ્તના દર્શન કરો.*
*પ્રત્યેક રુદન અને ગાયનમાં પરમના કંઠની મધુરતાને અનુભવો.*
*પ્રત્યેક દુઃખ અને સુખમાં પરમના સુકોમળ શરીરનો સ્પર્શ સમજો.*
*પ્રત્યેક ગીત અને ચંચળતામાં પરમના નૃપુરનો રણકાર સાંભળો.*
*પ્રત્યેક રૂપાંતર અને કાળાન્તરમાં પરમના મલકતા મુખડને નીરખો.*

પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીના
આર્શીર્વાદ સહ નૂતનવર્ષાભિનંદન